


# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 10
Issue : 116
Dt.: 02-03-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### ઈરાની મીડિયાએ કરી પુષ્ટિ, ઈરાનમાં ૪૦ દિવસના શોકની જાહેરાત

# અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈનું મોત

## ટ્રમ્પે દાવો કર્યો કે ઈઝરાયલ સાથેના અત્યંત સચોટ અને આધુનિક ગુપ્તચર ઓપરેશનને કારણે ખામેનેઈ અને તેમની સાથેના અન્ય નેતાઓ બચી શક્યા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

મધ્ય પૂર્વના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો અને ભયાનક વળાંક આવ્યો છે. ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાના સંયુક્ત હવાઈ હુમલા બાદ હવે ઈરાની મીડિયા પ્રેસ ટીવીએ સત્તાવાર પુષ્ટિ કરી છે કે સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈ આ હુમલામાં માર્યા ગયા છે. ઈરાની સેના IRGC તરફથી પણ ખામેનેઈના નિધનની પુષ્ટિ કરી દેવામાં આવી છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટૂથ સોશિયલ પર આ ઓપરેશનની સફળતાની જાહેરાત કરતા જણાવ્યું કે, "ઈતિહાસના સૌથી ક્રૂર વ્યક્તિઓમાંથી એક હવે નથી રહ્યો." ટ્રમ્પે દાવો કર્યો કે ઈઝરાયલ સાથેના અત્યંત સચોટ અને આધુનિક ગુપ્તચર ઓપરેશનને કારણે ખામેનેઈ અને તેમની સાથેના અન્ય નેતાઓ બચી શક્યા નથી. ટ્રમ્પે આને ઈરાની જનતા માટે સ્વતંત્રતાની સૌથી મોટી તક ગણાવી છે.

ઈરાની ન્યૂઝ ચેનલ પ્રેસ ટીવી (Press TV) એ પુષ્ટિ કરી છે કે સંયુક્ત હવાઈ હુમલામાં સર્વોચ્ચ નેતા ખામેનેઈ અને તેમના પરિવારના કેટલાક સભ્યોના મોત થયા છે. આ જાહેરાત બાદ ઈરાનમાં ૪૦ દિવસના જાહેર શોકની જાહેરાત કરવામાં આવી છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ સંકેત આપ્યા હતા કે ખામેનેઈનું આખું ઠેકાણું જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે અને તેમનો મૃતદેહ નષ્ટ થયેલા મહેલમાંથી મળી આવ્યો છે.

ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનની ક્રાંતિકારી ગાર્ડ્સ (IRGC), સેના અને પોલીસ હવે લડવા માંગતી નથી અને અમેરિકા પાસે માફી (Immunity) માંગી રહી છે. ટ્રમ્પે સૈનિકોને સંદેશ આપતા કહ્યું કે, "અત્યારે શરણાગતિ સ્વીકારશો તો માફી મળી શકે છે, પણ પછી માત્ર મોત જ મળશે." તેમણે આશા વ્યક્ત કરી કે ઈરાની સૈનિકો દેશભક્તો સાથે મળીને દેશને ફરીથી બેઠો કરવામાં મદદ કરશે.

પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ ચેતવણી આપી છે કે મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે વ્યુહાત્મક સ્થળો પર બોમ્બમારો આખું અઠવાડિયું અથવા જરૂર પડે ત્યાં સુધી ચાલુ રહેશે. માત્ર ખામેનેઈનું મોત પૂરતું નથી, પરંતુ ઈરાનની સૈન્ય શક્તિને સંપૂર્ણપણે નષ્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

ઈરાનની સરકારી સમાચાર એજન્સીના જણાવ્યાનુસાર ઈસ્લામી ક્રાંતિના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈનું મોત શનિવારે સવારે થયેલા હુમલામાં થયું છે.

આ સાથે જ ઈરાન દ્વારા એ વાતની પુષ્ટિ પણ કરવામાં આવી છે કે હુમલામાં ખામેનેઈની દીકરી, જમાઈ અને પૌત્રીનું પણ મોત થયું છે. એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ હુમલો નેતાના નિવાસસ્થાને આવેલા કાર્યસ્થળ પર થયો હતો જેમાં તેઓ શહીદ થયા છે.

ઈરાનમાં અલી ખામેનેઈના મૃત્યુ બાદ ૪૦ દિવસના સાર્વજનિક શોકની ઘોષણા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈઝરાયલ એ સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો હતો. જેમાં ઈરાનમાં ૩૦ જગ્યાઓએ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. ઈરાન તરફથી પણ જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી અને કેટલાક દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણા પર હુમલા થયા હતા.

ઈરાનની સરકારી સમાચાર એજન્સી ફાર્સના જણાવ્યાનુસાર હુમલો થયો ત્યારે ખામેનેઈ તેના કાર્યસ્થળ પર હાજર હતા. જ્યાં તેઓ શહિદ થયા. ખામેનેઈના મોતની પુષ્ટિ કરતાં ઈરાન તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે આવનારા દિવસોમાં રાષ્ટ્રના મહાન નેતાના નિધનનો બદલો લેવામાં આવશે. ખામેનેઈના નિધનથી તેમના માર્ગ પર ચાલવાનો સંકલ્પ વધારે મજબૂત થયો છે. ઈરાન તરફથી સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે તે આ ઘટના માટે જવાબદાર લોકોને કઠોર દંડ આપશે. ઈરાન હવે વધુ આક્રમકતાથી જવાબ આપશે. ઈરાનમાં મૃત્યુઆંક ૨૦૦ને વટાવી ગયો છે. ઈરાની મીડિયા અનુસાર, ઈઝરાયલ અને અમેરિકાના હુમલામાં ૨૦૧ લોકો માર્યા ગયા છે, જેમાં આશરે ૮૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તેહરાન પરના હુમલા બાદ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. મધ્ય તેહરાનના યુનિવર્સિટી સ્ટ્રીટ અને જોમહુરી વિસ્તારોમાં અનેક મિસાઈલો પડી. રાજ્ય મીડિયાએ પુષ્ટિ આપી છે કે તેહરાનમાં ઓછામાં ઓછા ત્રણ વિસ્ફોટ સાંભળવામાં આવ્યા હતા. દરમિયાન, ઈરાને તેનું એરસ્પેસ ક્ષેત્ર બંધ કરી દીધું છે. દેશભરમાં મોબાઈલ ફોન સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. ઈઝરાયલી હુમલા બાદ દક્ષિણ તેહરાનના એક વિસ્તારમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.

ઈઝરાયલ પરના હુમલા બાદ ઈઝરાયલમાં પરિસ્થિતિ તંગ બની ગઈ છે. ઈઝરાયલ સંરક્ષણ દળો (IDF) એ અહેવાલ આપ્યો છે કે, સમગ્ર દેશમાં સાયરન વગાડવામાં આવ્યા હતા.

વધુમાં, મોબાઈલ ફોન પર અગાઉથી ચેતવણીઓ મોકલવામાં આવી હતી, જેમાં લોકોને સલામત સ્થળોની નજીક રહેવાની વિનંતી કરવામાં આવી હતી. ઈઝરાયલ પણ તેના હવાઈ ક્ષેત્રને બંધ કરી રહ્યું હોવાના અહેવાલ છે.

ઈઝરાયલી સેનાએ જાહેરાત કરી કે દેશભરમાં શાળાઓ અને કોલેજો બંધ રહેશે, જાહેર મેળાવડા પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને લોકોને ઘરેથી કામ કરવાની સલાહ આપવામાં આવી હતી.

ઈઝરાયલે ૨૦૦ ફાઈટર જેટનો ઉપયોગ કરીને હવાઈ હુમલો કર્યો.ઈઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે, તેણે તેના ઈતિહાસમાં સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે.

આ કાર્યવાહીમાં આશરે ૨૦૦ ફાઈટર જેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ૫૦૦ લક્ષ્યો પર હુમલો કરવામાં આવ્યો હતો.

જયશંકરે કતાર, બહેરીન, યુએઈ અને કુવૈતના વિદેશ મંત્રીઓ સાથે વાત કરી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અંગે, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાન, યુએઈ, કુવૈત અને બહેરીનના વિદેશ મંત્રીઓ સાથે ફોન પર વાત કરી હતી.

### સંરક્ષણ મંત્રી સહિત ટોચના નેતાઓએ જીવ ગુમાવ્યો

## ઈઝરાયલ-અમેરિકાના હુમલામાં ખામેનેઈના પુત્ર-વહુ, પુત્રીના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલામાં સુપ્રીમ લીડર અલી ખામેનેઈ માર્યા ગયા છે. આ ઘટના બાદ ઈરાનમાં ૪૦ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે. ખામેનેઈના મૃત્યુથી મધ્ય પૂર્વમાં સ્થિતિ અત્યંત ગંભીર અને તણાવપૂર્ણ બની ગઈ છે, અને ઈરાન દ્વારા પણ વળતો પ્રહાર કરવામાં આવી રહ્યો છે. ઈરાનનો દાવો છે કે, તેમણે ૧૪ અમેરિકન સૈન્ય અડ્ડાઓને નિશાન બનાવ્યા છે, જેમાં સેંકડો અમેરિકન સૈનિકો માર્યા ગયા હોવાની આશંકા છે. ઈરાની સ્ટેટ મીડિયાના જણાવ્યા અનુસાર, દુબઈમાં આવેલી એક ક્રૈંછ ફેસિલિટીને મિસાઈલ સ્ટ્રાઈકમાં ઉડાવી દેવામાં આવી છે. બીજી તરફ, ઈઝરાયેલ દ્વારા પણ ઈરાન પર સતત બોમ્બમારો ચાલુ છે. આંતરરાષ્ટ્રીય મીડિયા અનુસાર, આ સંયુક્ત હુમલામાં ઈરાનના ૪૦ થી વધુ વરિષ્ઠ અધિકારીઓના મોત થયા છે. આ ઉપરાંત, ખામેનેઈના પરિવારમાંથી તેમની પુત્રી, પૌત્રી, જમાઈ મોહતબા ખામેનેઈ અને પુત્રવધૂ ઝહરા હદાદ અદેલનું પણ મોત થયું છે. આ હુમલાથી ઈરાનની સૈન્ય અને વહીવટી કમાનને મોટો ફટકો પડ્યો છે.આ ઉપરાંત ઈરાનના ડિફેન્સ મિનિસ્ટર અને ચીફ ઓફ આર્મ્ડ ફોર્સનું પણ મોત નિપજ્યું છે.

ઠાર મરાયેલા મુખ્ય સૈન્ય અને સુરક્ષા અધિકારીઓ

મોહમ્મદ પકપૂરઃ IRGC ના ગ્રાઉન્ડ ફોર્સના કમાન્ડર, જેમને ૨૦૨૫ માં ખામેનેઈએ પ્રમોટ કર્યા હતા. તેહરાન પાસે થયેલી સ્ટ્રાઈકમાં તેમના નિધનથી ઈરાની સૈન્યમાં નેતૃત્વનું સંકટ ઊભું થયું છે.

અમીર નાસિરઝાદેહઃ ઈરાનના સંરક્ષણ મંત્રી અને મિસાઈલ પ્રોગ્રામના માસ્ટરમાઈન્ડ. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (IDF) એ તેમના મુખ્યાલયને નિશાન બનાવતા તેમનું મોત થયું છે.

અલી શમખાનીઃ ખામેનેઈના સૌથી ટોચના સલાહકાર અને સુરક્ષા પરિષદના વડા. તેઓ પરમાણુ વાટાઘાટોમાં મુખ્ય ભૂમિકા ભજવતા હતા. તેઓ પણ તેહરાન પાસેના હુમલામાં પરિવાર સાથે શહીદ થયા છે.

ઈસ્માઈલ કાનીઃ કુદ્સ ફોર્સના ચીફ અને પ્રોક્સી વોરના મુખ્ય આર્કિટેક્ટ. હિઝબુલ્લાહ અને હૂતી જેવા જૂથો સાથેના તેમના સંબંધો જાણીતા હતા. કાની પણ ડ્રોન સ્ટ્રાઈકનો શિકાર બન્યા છે.

### દુશ્મનનું ડ્રોન જોતા જ સેનાનો મુંહતોડ જવાબ

## ઈરાન યુદ્ધના માહોલની વચ્ચે પાકિસ્તાનનું ભારતમાં છમકલું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા તણાવની વચ્ચે પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ આવી રહ્યું નથી. જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં નિયંત્રણ રેખા (LoC) પર રવિવારે વહેલી સવારે ફરી એકવાર પાકિસ્તાની ડ્રોનની શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી હતી. દિગવાર સેક્ટરમાં સવારે લગભગ ૬:૧૦ વાગ્યે ભારતીય સરહદની અંદર એક ઉડતી વસ્તુ દેખાઈ હતી. ત્યાં તૈનાત ભારતીય સેનાના જવાનોએ જેવું દુશ્મનનું ડ્રોન જોયું કે તરત જ મોરચો સંભાળી લીધો હતો. જવાનોએ ડ્રોનને તોડી પાડવા માટે લગભગ એક ડઝન રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સેનાની આ જબરદસ્ત જવાબી કાર્યવાહીથી ગભરાઈને ડ્રોન પરત પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) તરફ ભાગી ગયું હતું. સરહદ સુરક્ષાની દૃષ્ટિએ આ ઘટના અત્યંત ગંભીર માનવામાં આવી રહી છે, કારણ કે છેલ્લા ત્રણ દિવસમાં પુંછ સેક્ટરમાં ડ્રોન ઘૂસણખોરીનો આ બીજો પ્રયાસ છે. આ અગાઉ ૨૭ ફેબ્રુઆરીએ પણ આ જ રીતે એક પાકિસ્તાની ડ્રોને ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, જેને સુરક્ષા દળોએ ફાયરિંગ કરીને ભગાડી દીધું હતું. સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા તણાવનો ફાયદો ઉઠાવીને સરહદ પર કોઈ મોટી સાજીશને અંજામ આપવાની ફિરાકમાં છે. એલઓસી પર સતત વધતી ડ્રોનની હિલચાલને જોતા ભારતીય સેનાએ પોતાની દેખરેખ વ્યવસ્થા પહેલા કરતા વધુ કડક કરી દીધી છે. ડ્રોન પરત ભાગ્યા બાદ તરત જ ભારતીય સેના અને સ્થાનિક પોલીસ દ્વારા દિગવારની આસપાસના જંગલ વિસ્તારોમાં સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

### લાખો પ્રવાસી અટવાયા

## ભારતની ૪૪૪ ફ્લાઈટ્સ રદ, ૧૧ દેશોના એરસ્પેસ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના લશ્કરી હુમલા બાદ, મધ્ય પૂર્વ ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે, જેના કારણે ઘણા દેશોએ તેમના હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધા છે. આના કારણે વૈશ્વિક હવાઈ ટ્રાફિકમાં ભારે વિક્ષેપ પડ્યો છે અને ભારતમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર નોંધપાત્ર અસર પડી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈરાન અને મધ્ય પૂર્વના ભાગોમાં લાદવામાં આવેલા હવાઈ ક્ષેત્ર પ્રતિબંધોને કારણે શનિવારે ૪૧૦ ભારતીય સ્થાનિક એરલાઈન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જેમાં ૧ માર્ચે ૪૪૪ ફ્લાઈટ્સ રદ થવાની ધારણા છે. કુલ ૮૫૦ થી વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થવાની ધારણા છે.

કટોકટી ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી જ્યારે અમેરિકા અને ઈઝરાયલે અનેક ઈરાની ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં ઈરાને મિસાઈલ હુમલા શરૂ કર્યા હતા. પરિણામે, ઈરાન, ઈરાક, કુવૈત, બહેરીન, કતાર, ઈઝરાયલ, જોર્ડન, લેબનોન, સાઉદી અરેબિયા, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત સહિતના દેશોએ તેમના એરસ્પેસ બંધ અથવા પ્રતિબંધિત કર્યા છે. Flightradar24 જેવી ટ્રેકિંગ સેવાઓ અનુસાર, આ વિસ્તારોમાં હવાઈ ટ્રાફિક વર્ચ્યુઅલ રીતે સ્થગિત થઈ ગયો હતો, જેના કારણે દુબઈ, દોહા અને અબુ ધાબી જેવા મુખ્ય હબ એરપોર્ટ પ્રભાવિત થયા હતા.

વૈશ્વિક સ્તરે હજારો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અથવા ડાયવર્ટ કરવામાં આવી હતી, જેના કારણે લાખો મુસાફરો અટવાઈ ગયા હતા. ભારતમાં, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ તાત્કાલિક કાર્યવાહી કરી અને ભારતીય એરલાઈન્સને ૨ માર્ચ સુધી ૧૧ દેશો (ઈરાન, ઈઝરાયલ, લેબનોન, UAE, સાઉદી અરેબિયા, બહેરીન, ઓમાન, ઈરાક, જોર્ડન, કુવૈત અને કતાર) ના હવાઈ ક્ષેત્રને ટાળવાની સલાહ આપી. આ સલાહને પગલે, ઈન્ડિગો, એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર અને સ્પાઈસજેટ જેવી મોટી એરલાઈન્સે મધ્ય પૂર્વ માટે તેમની ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી હતી. અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલો કર્યો છે, જેનાથી પશ્ચિમ એશિયામાં તણાવ ફરી વધ્યો છે.

### યુદ્ધના માહોલ વચ્ચે ઈરાનને મળ્યા નવા નેતા

## અયાતુલ્લા અલીરેઝા અરાફી સંભાળશે સુપ્રીમ લીડરની કમાન

### ઈરાનના બંધારણ મુજબ નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી આ પરિષદ સુપ્રીમ લીડરના તમામ કાર્યો સંભાળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હુમલામાં અલી ખામેનેઈના મૃત્યુ બાદ ઈરાની ધર્મગુરુ અયાતુલ્લા અલીરેઝા અરાફીને ઈરાનના વચગાળાના સુપ્રીમ લીડર બનાવવામાં આવ્યા છે. ISNAના જણાવ્યા અનુસાર, તેઓ વચગાળાની નેતૃત્વ પરિષદમાં કાયદા નિષ્ણાત સભ્ય તરીકે કામ કરશે. બંધારણ હેઠળ નવા સુપ્રીમ લીડરની પસંદગી ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન, મુખ્ય ન્યાયાધીશ ઘોલામ-હોસૈન મોહસિની-એજેઈ અને ગાર્ડિયન કાઉન્સિલના એક ધર્મગુરુ સાથે મળીને આ પરિષદ દેશની કમાન સંભાળશે.

અયાતુલ્લા અલીરેઝા અરાફીની વચગાળાની નેતૃત્વ પરિષદમાં કાયદા નિષ્ણાત સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. ઈરાનના બંધારણ મુજબ નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી આ પરિષદ સંક્રમણ કાળ દરમિયાન સુપ્રીમ લીડરના તમામ કાર્યો સંભાળશે.

ઈરાનના બંધારણ અનુસાર, વચગાળાની પરિષદમાં રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન, મુખ્ય ન્યાયાધીશ ઘોલામ-હોસૈન મોહસેની-એજેઈ અને ગાર્ડિયન કાઉન્સિલના એક ધર્મગુરુનો સમાવેશ થાય છે. ખામેનેઈના મોત બાદ આ પરિષદ સાથે મળીને દેશનું નેતૃત્વ કરશે, કારણ કે ઈરાન હવે પરિવર્તનના તબક્કામાં પ્રવેશ કરી રહ્યું છે.

ઈરાનના નવા વચગાળાના સુપ્રીમ લીડર અલીરેઝા અરાફી કોણ છે. ૧૯૫૯માં જન્મેલા ૬૭ વર્ષીય અરાફી ઈરાનના ધાર્મિક માળખામાં એક મોટું નામ માનવામાં આવે છે. આ નિમણૂક પહેલા પણ તેમની પાસે ત્રણ મહત્વના હોદ્દા હતા. તેઓ દેશભરની ઈસ્લામિક સેમિનરી સિસ્ટમના નિયામક છે, ગાર્ડિયન કાઉન્સિલના સભ્ય છે અને એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સના પણ સભ્ય છે.

કોમ (Qom)ની પરંપરાગત ધાર્મિક વ્યવસ્થા સાથે જોડાયેલા હોવા છતાં અરાફીને થોડા અલગ પ્રકારના નેતા માનવામાં આવે છે. તેમને શિક્ષિત, અનેક ભાષાઓના જાણકાર અને ટેકનોલોજીની સમજ ધરાવતા ધર્મગુરુ ગણાવવામાં આવે છે. તેઓ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) જેવી નવી ટેકનોલોજી દ્વારા ઈસ્લામિક વિચારધારાને દુનિયાભરમાં ફેલાવવાની જરૂરિયાત પર પણ બોલતા રહ્યા છે.

આ ઉથલપાથલભર્યા સમયમાં અરાફીની નિમણૂકને વ્યવસ્થાની સાતત્યતાના સંકેત તરીકે જોવામાં આવી રહી છે. 'અલ-મુસ્તફા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી'ના પ્રમુખ તરીકે રહી ચૂકેલા અરાફીને IRGC અને રાજકીય નેતૃત્વના વફાદાર માનવામાં આવે છે. તેઓ વર્તમાન નીતિઓમાં કોઈ મોટો ફેરફાર નહીં કરે, ખાસ કરીને જ્યારે દેશ યુદ્ધ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યો છે.

અરાફી અને તેમના બે સહ-નેતાઓ કાયમી વ્યવસ્થા નથી. તેમનું મુખ્ય કામ દેશને સંભાળવાનું અને અમેરિકા તથા ઈઝરાયેલ સામે ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવાનું છે, જ્યાં સુધી ૮૮ સભ્યોની 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ' ખામેનેઈના કાયમી ઉત્તરાધિકારીની પસંદગી ન કરી લે.

### કરાચીમાં પાકિસ્તાનીઓનો US દૂતાવાસ પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)કરાચી

પાકિસ્તાનના કરાચીમાં હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન એક ટોળાએ યુએસ એમ્બેસીના પરિસરમાં આગ લગાવી અને તોડફોડ કરી હકી. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મોતના સમાચાર બાદ વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને યુએસ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. કરાચીમાં ઈરાન હુમલાનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓએ યુએસ દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. પરિસ્થિતિ વધુ વણસી જતાં યુએસ દૂતાવાસમાં તૈનાત યુએસ લશ્કરી કર્મચારીઓએ ભીડને વિખેરવા માટે ગોળીબાર કર્યો, જેના કારણે ૧૨ લોકોનાં મોત થયા હતા.

પરિસ્થિતિ વધુ વણસી જતાં સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો અને ભીડને વિખેરવા કાર્યવાહી કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે અને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. ઘટના બાદ સમગ્ર પ્રદેશમાં સતર્કતા વધારવામાં આવી છે.




# તંત્રી લેખ......

## તપાસ એજન્સીઓ કઠેડામાં, નવી સિસ્ટમની જરૂર

દિલ્હીના ખૂબ જ પ્રસિદ્ધ દારૂ કૌભાંડમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સહિત તમામ ૨૩ આરોપીઓને સીબીઆઈની રાઉઝ એવન્યુ કોર્ટે નિર્દોષ જાહેર કર્યા તે બંને નેતાઓ અને તેમના પક્ષ માટે એક મોટી જીત છે, પરંતુ તપાસ એજન્સી અને ભાજપ માટે પણ એક મોટો ઝટકો છે.

કોર્ટે શોધી કાઢ્યું કે સમગ્ર કેસમાં કોઈ કાવતરું નહોતું અને સીબીઆઈએ માત્ર અનુમાનના આધારે કાવતરું રચ્યું હતું. ખાસ ન્યાયાધીશે તેમના ચુકાદામાં એમ પણ કહ્યું કે આ પહેલી વાર છે જ્યારે તેમણે આટલી બધી ખામીઓવાળી ચાર્જશીટ જોઈ છે. તેમણે બેદરકાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની પણ હાકલ કરી.

જ્યારે કેજરીવાલ સરકારે નવી આબકારી નીતિ રજૂ કરી, ત્યારે કોંગ્રેસ-ભાજપ જૂથોએ તેને કૌભાંડ ગણાવ્યું. ત્યારબાદ, લેફ્ટનન્ટ ગવર્નરની પહેલ પર કેસ નોંધવામાં આવ્યો, અને તપાસ સીબીઆઈને સોંપવામાં આવી. આ સમયગાળા દરમિયાન, આરોપો સામે આવ્યા કે આબકારી નીતિએ ચોક્કસ વ્યક્તિઓને અનુચિત લાભો પૂરા પાડ્યા, જેના પરિણામે દિલ્હી સરકારને ૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું.

સીબીઆઈ પછી, ઈડીએ પણ આ કેસમાં હસ્તક્ષેપ કર્યો, પરંતુ સીબીઆઈનો કેસ રદ થતાં, ઈઙ નો કેસ પણ રદ થવાની સંભાવના છે. બંને તપાસ એજન્સીઓએ આ કથિત કૌભાંડ અંગે પૂરતા પુરાવા હોવાનો દાવો કર્યો અને ત્યારબાદ એક પછી એક અનેક વ્યક્તિઓની ધરપકડ કરી. ધરપકડ કરાયેલા અગ્રણી વ્યક્તિઓમાં પહેલા મનીષ સિસોદિયા અને પછી અરવિંદ કેજરીવાલનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે બંનેને જામીન આપ્યા હતા.

જોકે સીબીઆઈએ કેજરીવાલ, સિસોદિયા અને અન્ય લોકોને નિર્દોષ જાહેર કરવા સામે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી છે, પરંતુ રાઉઝ એવન્યુ કોર્ટના ન્યાયાધીશની તેની વિરુદ્ધની ટિપ્પણીઓ શંકા ઉભી કરે છે કે સીબીઆઈએ તેની તપાસ મનસ્વી રીતે કરી હતી. ઈડી અંગે પણ આ જ પ્રશ્ન ઉભો થાય છે. એ નોંધવું જોઈએ કે એવા અસંખ્ય કેસ છે જેમાં સીબીઆઈ, ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ અને ઈઙ મની લોન્ડરિંગ નિવારણ કાયદા હેઠળ તેની સત્તાઓનો ઉપયોગ કરીને, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને અન્ય ઘણા લોકોને છેતરપિંડીના આરોપસર ધરપકડ કરે છે. તેમાંથી મોટાભાગના પુરાવાના અભાવે બાદમાં નિર્દોષ જાહેર થાય છે. જો કે, આ બને ત્યાં સુધીમાં, સંડોવાયેલા વ્યક્તિની પ્રતિષ્ઠા પહેલાથી જ કલંકિત થઈ ગઈ હોય છે અને અન્યાયી અટકાયતથી થયેલા નુકસાનની ભરપાઈ કરી શકાતી નથી. એટલા માટે રાઉસ એવન્યુ કોર્ટના ન્યાયાધીશે અવલોકન કર્યું કે જ્યારે કોઈની વ્યક્તિગત સ્વતંત્રતાનું ઉલ્લંઘન થાય છે, ત્યારે તેને નિર્દોષ જાહેર કર્યા પછી પણ અર્થપૂર્ણ રીતે પુનઃસ્થાપિત કરવામાં આવતું નથી, અને અન્યાયી અટકાયતથી થતા નુકસાનની ભરપાઈ કરી શકાતી નથી. વાસ્તવમાં, આવા વ્યક્તિઓ આર્થિક અને સામાજિક બંને રીતે નુકસાન સહન કરે છે. રાજકારણીઓ પણ નુકસાન સહન કરે છે, પરંતુ તેમના નિર્દોષ છૂટ્યા પછી, તેઓ જાહેર સહાનુભૂતિ મેળવીને રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરે છે. તેમના માટે એવું પ્રચાર કરવું સરળ છે કે તેઓ રાજકીય બદલોનો ભોગ બન્યા હતા. આશ્ચર્યજનક નથી કે કેજરીવાલે આવા આરોપો કરવાનું શરૂ કર્યું છે. તેમણે નવી રાજકીય ઉર્જા મેળવી છે, અને તેની અસર આગામી દિવસોમાં પંજાબ, ગુજરાત અને દિલ્હીના રાજકારણમાં દેખાઈ શકે છે. આમ આદમી પાર્ટી કોંગ્રેસના મતને ઘટાડી રહી હોવાથી, પક્ષ માટે ચિંતા થવી સ્વાભાવિક છે.

ગુજરાતમાં રેલ નેટવર્ક અને મુસાફરોની સુવિધામાં વધારો કરવા આ વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧૭,૩૬૬ કરોડનું રેકોર્ડબ્રેક બજેટઃ કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ

# ગુજરાતમાં રેલવેના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણયોના પરિણામે રાજ્યમાં પરિવહન અને કનેક્ટિવિટીના એક નવા યુગની શરૂઆત :- કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરેન્સ ૨૦૨૬ના શુભારંભ બાદ કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશનું રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અત્યંત ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે. ગુજરાતમાં રેલવેના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયોને પરિણામે રાજ્યમાં પરિવહન અને કનેક્ટિવિટીના એક નવા યુગની શરૂઆત થઈ છે.

વધુમાં શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ના યુપીએના શાસન દરમિયાન ગુજરાતને રેલવે બજેટમાં માત્ર રૂ.૫૮૯ કરોડ ફાળવવામાં આવતા હતા. તેની સરખામણીએ, વર્તમાન સરકારે આ વર્ષે ગુજરાત માટે રૂ.૧૭,૩૬૬ કરોડનું રેકોર્ડબ્રેક બજેટ ફાળવ્યું છે. આમ, બજેટમાં અનેકગણો વધારો કરીને રાજ્યના રેલવે નેટવર્કને વધુ આધુનિક બનાવવાની દિશામાં ગુજરાત અપ્રતિમ સિદ્ધિઓ પ્રાપ્ત કરશે.

વધુમાં શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, ગુજરાતમાં હાલમાં કુલ રૂ.૧.૨૮ લાખ કરોડના રેલવે પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. રાજ્યના કુલ ૮૭ સ્ટેશનોને 'અમૃત સ્ટેશન યોજના' અંતર્ગત વર્લ્ડ ક્લાસ બનાવવા માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૧ સ્ટેશનોનું કામ અત્યાર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. અમદાવાદ, સાબરમતી, સુરત, ઉના અને સોમનાથ જેવા મહત્વના સ્ટેશનો પર અત્યંત ઝડપથી કામ ચાલી રહ્યું છે. અમદાવાદ રેલવે સ્ટેશનના નવનિર્માણ બાદ મુસાફરોને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

ભારતના પ્રથમ હાઈ-સ્પીડ રેલ 'બુલેટ ટ્રેન પ્રોજેક્ટ'ની પ્રગતિ અંગે ખુશી વ્યક્ત કરતા શ્રી વૈષ્ણવે જણાવાયું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા આગામી વર્ષે બુલેટ ટ્રેન કાર્યરત કરવાની તૈયારીમાં છે. જ્યારે આ પ્રોજેક્ટ પૂર્ણ થશે, ત્યારે અમદાવાદથી મુંબઈની મુસાફરી ૩૫૦ કિમી/કલાકની ઝડપે માત્ર ૦૧ કલાક ૫૭ મિનિટના સમયમાં પૂર્ણ થશે. તાજેતરમાં જાપાનના વડાપ્રધાન કાર્યાલયના ઉચ્ચ અધિકારીઓએ ભારતના બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

વધુમાં રેલવે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ બુલેટ ટ્રેનના ૦૭ નવા રૂટ માટે પણ મંજૂરી આપી દીધી છે, જે ભવિષ્યમાં દેશના અન્ય શહેરોને પણ હાઈ-સ્પીડ કનેક્ટિવિટીથી જોડશે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સહયોગ અને 'કર્મયોગી' અભિગમને પરિણામે રાજ્યમાં આ તમામ રેલવે પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમય કરતા પણ વધુ ઝડપથી આગળ વધી રહ્યા છે. આમ આધુનિક રેલવે, હાઈ-સ્પીડ કનેક્ટિવિટી અને શ્રેષ્ઠ મુસાફર સુવિધાઓ સાથે ગુજરાત 'વિકસિત ભારત'ના સંકલ્પને સિદ્ધ કરવામાં અગ્રેસર રહેશે એમ કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે વિશ્વાસ વ્યકત કર્યો હતો. - પ્રિન્સ ચાવલા

ત્રણ માર્ચ ના રોજ રંગોત્સવનું આયોજન કરાયું

# સાળંગપુરધામમાં રંગોત્સવના વિવિધ પ્રકારના દિવ્ય ભવ્ય આયોજનની તૈયારીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)બોટાદ

જિલ્લાના બરવાળા તાલુકાના સાળંગપુર ગામ ખાતે શ્રીસ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે દિવ્ય રંગોત્સવ ઉજવણીનું આયોજન કરાયું છે. જે ગુજરાતના સૌથી મોટા હોળી ઉત્સવ ઉજવણી તરીકે ગણી શકાય છે કે, જ્યાં હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો અને સાધુ સંતો એક સાથે હોળી ઉત્સવ ઉજવશે. આગામી તારીખ ત્રણ માર્ચ ૨૦૨૬ ના રોજ રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેની તૈયારીઓને હાલ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

સાળંગપુર મંદિરના શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી તથા કોઠારી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી હોળી-ધુળેટી પર્વ નિમિત્તે આગામી ૦૩ માર્ચે ૨૦૨૬ના રોજ એટલે કે પૂર્ણિમાના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ અંતર્ગત દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો (ગુલાબી, લાલ, પીળો, નારંગી) દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીના સાંનિધ્યમાં અને કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી સહિત સંતો અને દેશ વિદેશ અને રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી પધારેલા લાખોની સંખ્યામાં આવેલા ભક્તો એક સાથે દાદાના રંગે રંગાશે, સવારે શણગાર આરતી બાદ ફુલડોલોત્સવમાં દાદાનું વિશેષ પૂજન અર્ચન કરવામાં આવશે.

ત્યારબાદ સંતોને રંગ લગાવીને ભક્તોની સાથે રંગોત્સવ ઉજવવામાં આવશે, કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, સનાતન ધર્મની પરંપરામાં ઋષિ મુનિઓ દ્વારા કરાયેલ ઉલ્લેખ મુજબ પરંપરાગત રીતે રંગોત્સવ ઉજવાશે. આ હોળી પર્વ ઉજવણી જીવનનો અલૌકિક લ્હાવો છે ભક્તિના રંગે રંગાવાનો, દાદાની પ્રસાદીના રંગોથી ભક્તિના રંગે રંગાઈને ભક્તો આનંદ-કિલ્લોલ કરશે, રંગોત્સવમાં રાજ્યના લાખો ભક્તો આવશે. મુખ્ય મંદિર પરિસરને ભવ્ય રીતે રંગબેરંગી કાપડનું ડેકોરેશન કરવામાં આવ્યું છે જે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

રંગોત્સવના મુખ્ય આકર્ષણોની જો વાત કરવામાં આવે તો હોળી-ધૂળેટીના દિવસે દાદાને પંચરંગી વાઘા-રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવશે, મંગળા આરતી ૫-૩૦ કલાકે અને શણગાર આરતી સવારે ૭ કલાકે કરવામાં આવશે, સવારે ૦૭:૩૦થી ૧૧:૦૦ કલાક દરમિયાન મંદિરના પરિસરમાં શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી અને કોઠારી વિવેકસાગર સ્વામી સહિતના સંતો અને ભક્તો એકસાથે દાદાના રંગે રંગાશે. ૭ પ્રકારના ૫૧ હજાર કિલો ઓર્ગેનિક રંગો દાદાને અર્પણ કરાશે, મંદિર પરિસરમાં ૭૦થી ૮૦ ફૂટ ઊંચા કલરના ૫૦૦ બ્લાસ્ટ કરાશે, તો કલરને એર પ્રેશર મશીન દ્વારા ભક્તો પર ઉડાડશે, આ હોળીને વધારે મનોરંજક બનાવવા માટે ઢોલીઓ નાસિક ઢોલના તાલે ધૂમ મચાવી અને ભક્તો હોળી રમ્યા બાદ રાસની રમઝટ બોલાવી- સંતોના સાનિધ્યમાં ભવ્ય રંગોત્સવ ઉજવાશે. હનુમાનજી દાદા સમક્ષ વિવિધ રંગ, પિચકારી પણ મૂકવામાં આવશે, ૧૦૦ રિબિન બ્લાસ્ટ અને રંગીન ફાયરવર્ક્સ કરવામાં આવશે, ૧૦૦૦૦ ફુગ્ગા છોડવામાં આવશે. દેશના અનેક ભક્તો રંગોત્સવમાં ભાગ લેવા આવશે, દાદાના આ ભવ્ય રંગોત્સવમાં સ્વામીજીના માર્ગદર્શન હેઠળ કલરને એર પ્રેશર મશીનથી ભક્તો ઉપર ઉડાડવામાં આવશે.

હોળી (પૂર્ણિમા)ના પરમ પવિત્ર અવસર પર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને દિવ્ય રંગોના શણગાર અને મુખ્ય મંદિરને ફુલોથી પરિસરને કલરફુલ કાપડથી ડેકોરેશન કરવામાં આવ્યું છે, ગુજરાતના સૌથી મોટા હોળી ઉત્સવનું સેલિબ્રેશન કરવા માટે દાદાના ભક્તો યુવાનો - યુવતીઓ, ભાઈઓ - બહેનો, નાના બાળકોથી માંડી વડીલ વૃદ્ધ સુધી ગુજરાત ભરમાંથી તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને વિદેશથી પણ દાદા સંગે - સંતોને સંગે હોળી સેલિબ્રેશન માટે આવશે. તેમજ હનુમાનજી ચાલીસાનો પાઠ કરવામાં આવશે તો આ ભવ્ય દિવ્ય હોળી ઉત્સવ ઉજવણી રંગોત્સવમાં આવનારા લાખો ભાવિકો માટે રહેવા, ઉજવણી તેમજ ભોજન પ્રસાદની તમામ વ્યવસ્થાઓ કરાઈ છે અને આ ઉત્સવમાં જોડાવાને લઈ મંદિરના કોઠારી વિવેક સ્વામીએ ભાવિક ભક્તોને આમંત્રણ પાઠવી અને ઉત્સવમાં જોડાવા અપીલ કરી હતી.

ગુજરાતમાં ગરમી ભુક્કા બોલાવશે

# સાતમી માર્ચ સુધી તાપમાનમાં પાંચ ડિગ્રી સુધીનો થશે વધારો

### નિષ્ણાતોના મતે આ સમયગાળામાં તાપમાન અચાનક ઝડપથી વધશે અને ગરમી ઘણા જૂના રેકોર્ડ તોડી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શિયાળો હવે ગુજરાત સહિત દેશમાંથી વિદાય લઈ રહ્યો છે. ઉનાળાનો હવે અનુભવ થવા લાગ્યો છે. જોકે, આ વર્ષના ગરમીના મોજાની અસર સામાન્ય રહેશે નહીં. હવામાન વિભાગ (IMD) એ સ્પષ્ટપણે સંકેત આપ્યો છે કે, માર્ચ મહિનાથી તાપમાનમાં તીવ્ર વધારો થવાની ધારણા છે. મે મહિના સુધીમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની શકે છે. ભારતીય હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં વધુ ગરમીના દિવસોનો અનુભવ થશે. આનો અર્થ એ છે કે, ગરમીનો સમયગાળો લાંબો ચાલશે અને ઓછી રાહત આપશે. નિષ્ણાતોના મતે આ સમયગાળામાં તાપમાન અચાનક ઝડપથી વધશે અને આ વખતની ગરમી ઘણા જૂના રેકોર્ડ તોડી શકે છે. હવામાન વિભાગના વેધર રિપોર્ટ પ્રમાણે, ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ચોથાથી સાતમાં દિવસ એટલે કે ૪થી ૭ માર્ચ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાને કારણે અસ્વસ્થતા રહેવાની શક્યતા છે. આ સાથે મહત્તમ તાપમાન માટે આગાહી કરતા તેમણે જણાવ્યું છે કે, આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ધીમે ધીમે પાંચ સે.નો વધારો થશે. ત્યારબાદ ગુજરાતમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ન્યૂનતમ તાપમાન માટે આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે બેથી ત્રણ° સે. વધારો થશે. ત્યારબાદ પ્રદેશમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, પ્રદીપ શર્માના જણાવ્યા પ્રમાણે, આ સિઝનમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્યથી વધારે રહેવાની આશા છે. માર્ચ મહિનાની વાત કરીએ તો, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં તાપમાન સામાન્ય રહેવાની આગાહી છે. જ્યારે કચ્છમાં સામાન્યથી વધારે તાપમાન રહેવાની શક્યતા છે. માર્ચમાં પણ ગુજરાતમાં માવઠાની શક્યતા દર્શાવવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૨૫ વર્ષના તાપમાનના વલણને ધ્યાનમાં લેતા આ વર્ષની ગરમીના મોજાની પેટર્ન અસામાન્ય લાગે છે. ફેબ્રુઆરીમાં જ તાપમાન સરેરાશ કરતા વધારે નોંધાયો હતો અને ઠંડી લગભગ ગેરહાજર હતી. આ સૂચવે છે કે ગરમીનું મોજું વહેલા અને વધુ તીવ્ર બનશે. માર્ચ અને મે દરમિયાન ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતમાં ગરમીનું મોજું ખાસ કરીને તીવ્ર રહેશે. આ ઋતુ વૃદ્ધો, બાળકો, બહાર કામ કરતા કામદારો અને બીમાર લોકો માટે સૌથી પડકારજનક સાબિત થઈ શકે છે.

# કોંગ્રેસમાંથી સસ્પન્ડેડ નિલેશ કુંભાણી સીઆર પાટીલને મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાત રાજકારણમાં ફરી એકવાર હલચલ મચી જાય તેવી ઘટના બની છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ચૂંટણી પહેલા જ હાર આપનાર ને પાણીમાં બેસી જનાર નિલેશ કુંભાણીએ ભાજપના સીઆર પાટીલ સાથે મુલાકાત કરી છે. જેના બા નિલેશ કુંભાણીને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયા હતા. કોંગ્રેસ પક્ષ દ્વારા સસ્પેન્ડ કરેલ નિલેશ કુંભાણીને ત્યાં સીઆર પાટીલ પહોંચતા ફરી એકવાર રાજનીતિ ગરમાઈ છે.

સુરતમાં સીઆર પાટીલ અને નિલેશ કુંભાણી વચ્ચે સૂચક મુલાકાત થતા અનેક તર્કવિતર્ક સર્જાયા છે. નિલેશ કુંભાણી એ જ છે, જેઓએ વર્ષ ૨૦૨૪ માં સુરત લોકસભા બેઠકમા કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યા બાદ પરત ખેચ્યું હતું. જેને કારણે કોંગ્રેસ જીત પહેલા જ મેદાનમાંથી બહાર ફેંકાઈ ગયું હતું. ત્યારે ગુજરાતમાં માત્ર એક લોકસભા બેઠક સુરત લોકસભા ચૂંટણી સમયે નિલેશ કુંભાણીના કારણે ભાજપની બેઠક બિનહરીફ વરણી થઈ હતી. કોંગ્રેસ દ્વારા નિલેશ કુંભાણીનો જે તે સમયે ભારે વિરોધ કર્યો હતો આજે ભાજપના દિગજો સાથે જોવા મળ્યા છે. લાંબા સમય બાદ નિલેશ કુંભાણીને ત્યાં સીઆર પાટીલ પહોંચતા રાજકારણ ગરમાયું છે.

આ મુલાકાત દરમિયાન મંત્રી કૌશિક વેંકરીયા, ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય હીરા સોલંકી, ધારાસભ્ય જેવી કાકડિયા, મહેશ કસવાળા સહિત દિગ્જ્જો હાજર રહ્યા હતા. ત્યારે હવે જોવું એ રહ્યુ કે, નિલેશ કુંભાણી વિધિવત રીતે ભાજપનો ખેસ પહેરે છે કે નહિ.

# અરવલ્લી જિલ્લાના શામળાજી યાત્રાધામમાં વિકાસ રૂંધાતા વિકાસના કામો ઝડપી કરાવવાને લઈ કોંગ્રેસે અભિયાન છેડયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના શામળાજી યાત્રાધામના અટકેલા વિકાસ, વિસ્થાપિતોના પુનર્વસન, તાલુકા કક્ષાની કચેરીઓ કાર્યરત કરવા તેમજ યાત્રાળુઓ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા શામળાજી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદાર શામળાજીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણ પટેલે જણાવ્યુ હતુ કે શામળાજી ખાતે વિકાસ માટે ડીમોલેશન અને આયોજનની પ્રક્રિયા વર્ષ ૨૦૧૧ માં કરવામાં આવી હતી. પરંતુ આજે ૧૫ વરસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં વિકાસની કામગીરી ખુબ મર્યાદીત રહી છે. માત્ર મંદિર પરીસરનો જ વિકાસ કરવામાં આવ્યો છે. જયારે વિકાસના નામે અંદાજે ૧૦૦થી વધુ દુકાનો અને ૨૦૦ થી વધુ મકાનો તોડવામાં આવ્યા હોવા છતાં સંબંધિત પરીવારો અને વેપારીઓનુ આજદીન સુધી યોગ્ય પુનર્વસન કરવામાં આવ્યુ નથી. જેના કારણે અનેક પરીવારો વરસોથી મુશ્કેલીમાં જીવન જીવી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા વધુમાં જણાવાયુ હતુ કે દર વરસે લાખો શ્રધ્ધાળુઓ આવતા હોવા છતાં શામળાજી ખાતે યાત્રાળુઓ માટે પુરતી પાર્કિંગ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. સાથે જ લાંબા સમયથી ચર્ચામાં રહેલી રીવરફ્રન્ટ વિકાસ યોજના પણ અમલમાં આવી નથી. જેના કારણે યાત્રાધામના સર્વાંગી વિકાસમાં વિલંબ થઈ રહ્યો છે.

શામળાજી ને નવા તાલુકા તરીકે જાહેર કર્યા બાદ પણ અનેક તાલુકા કક્ષાની સરકારી કચેરીઓ સંપૂર્ણ રીતે કાર્યરત ન થતા સ્થાનિક નાગરીકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આવેદનપત્ર માં કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી હતી કે ટાઉન પ્લાનીંગ હેઠળ વિસ્થાપિત થયેલ તમામ પરીવારોનુ તાત્કાલીક અને યોગ્ય પુનર્વસન કરવામાં આવે, વરસોથી પેન્ડીંગ પડેલ ડ્રાફ્ટ ટી પી યોજનાને મંજુરી આપી વિકાસ કામો ઝડપથી શરૂ કરવામાં આવે, યાત્રાળુઓ માટે પાર્કિંગ, પીવાનુ પાણી, સ્વચ્છતા, સુરક્ષા અને આરોગ્ય જેવી મુળભુત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તથા રીવરફ્રન્ટ વિકાસ યોજના તાત્કાલીક અમલમાં મુકવામાં આવે , કોંગ્રેસે વધુમાં જણાવ્યુ હતુ કે શામળાજી જેવા ઐતિહાસિક અને રાજયસ્તરના મહત્વ ધરાવતા યાત્રાધામને વરસોથી અધુરા વિકાસમાં રાખવુ પ્રજાના હિત વિરૂધ્ધ છે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)

પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


# સુરેન્દ્રનગર બાદ રાજસ્થાનના અજમેર માં પણ મોદીના કાર્યક્રમમાં મહિલાઓની ભીડ એકઠી કરવા સરકારી વિભાગને ફરજ પાડવામાં આવી હતી? વાયરલ વિડીયોએ મચાવી ધમાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મોદીનો જાદુ ઓસર્યા બાદ હવે રાજસ્થાનમાં પણ ધીરે ધીરે મોદીનો જાદુ ઓસરતો હોય તેમ રાજસ્થાનના અજમેર માં ગઈ કાલે વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં મહિલાઓની ભીડ એકઠી કરવા માટે સરકારી વિભાગનો ફરજ પાડવામાં આવી હોવાનો વિડીયો વાયરલ થયો છે.

નરેન્દ્ર મોદીની ઈઝરાયેલ યાત્રા બાદ તરતજ ઈઝરાયેલે ઈરાન ઉપર હુમલો કરી દીધો, હજુ આ ચર્ચા ચાલુ હતી ત્યાં જ રાજસ્થાનના અજમેરમાં મોદીની રેલીમાં નોકરી કરતી મહિલાઓને તેમની મરજી વિરૂધ્ધ રેલીમાં લાવવામાં આવી હોવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અજમેર માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીને લઈને એક વિવાદ રાજસ્થાનમાં ઉભુ થયો છે. જેમાં ભીડ એકઠી કરવા માટે સરકારી તંત્ર પર દબાણ કરવાના આરોપો લાગ્યા છે. સોશીયલ




મીડીયા પર ફરતા અહેવાલો અને વિડીયો અનુસાર અજમેરમાં પોસ્ટ કરાયેલી કેટલીક મહિલા કર્મચારીઓ અને ઈન્ટર્ન નો આરોપ છે કે તેમને રેલીમાં હાજરી આપવા માટે દબાણ કરવામાં આવ્યુ હતુ, એક ખાસ કિસ્સામાં એક મહિલા ઈન્ટર્ન નો દાવો છે કે અધિકારીઓએ ધમકી આપી હતી કે જો તે રેલીમાં હાજરી નહી આપે તો તેણીને ગેરહાજર જાહેર કરી તેણીનુ ભથ્થુ રોકી દેવામાં આવશે,

વિરોધપક્ષો અને કેટલાક સ્થાનિક મીડીયા અહેવાલો દાવો કરે છે કે રાજય સરકારે રેલીમાં ભીડ એકઠી કરવા અંગે વિવિધ સરકારી વિભાગો ઉપર દબાણ લાવી કડક સુચનાઓ આપી હતી. આ રેલીનો હેતુ એચપીવી રસીકરણ અભિયાન શરૂ કરવા અને વિકાસ પ્રોજેકટનુ ઉદ્દઘાટન કરવાનો હતો. સરકારનુ કહેવુ છે કે સશકિતકરણ અને આરોગ્ય જાગૃતિના ભાગ રૂપે મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યુ હતું. જો કે રેલીમાં મહિલાઓને બળજબરી થી ત્યાં લાવવામાં આવી હોવાનો દાવો કરતા વિડીયો બહાર આવ્યા બાદ આ મુદ્દો વધુ વકર્યો હતો.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવએ અમદાવાદ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટની સમીક્ષા કરી

માનનીય રેલ, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે (૦૧.૦૩.૨૦૨૬) પશ્ચિમ રેલવેના અમદાવાદ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ અંતર્ગત સરખેજ-ધોલેરા ડબ્લિંગ સાથે નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) અને ધોલેરા એરપોર્ટ વચ્ચેના SPUR લાઈન (૧૩૪ કિ.મી.)ના કાર્યની પ્રગતિની સમીક્ષા કરી. આ દરમિયાન પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) શ્રી પ્રતિપ ગુપ્તાએ આ પ્રોજેક્ટની પ્રગતિ અંગે માનનીય રેલ મંત્રીને માહિતી આપી. આ પ્રસંગે શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ, નિર્માણ વિભાગ અને મંડળના અધિકારીઓ હાજર હતા.



આ પ્રોજેક્ટ સમગ્ર દેશમાં સેમી હાઈ સ્પીડ રેલનું પ્રોટોટાઈપ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. ઉપરાંત, આ અમદાવાદ અને ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન વચ્ચે ઉત્તમ અને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરવાનું કાર્ય પણ કરશે.

સરખેજ—ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ

સરખેજ—ધોલેરા બ્રોડ ગેજ સેક્શન પર ૧૬૭૬ મીમી બ્રોડ ગેજ પર વિકસાવવામાં આવનાર વિશ્વની પહેલી સેમી હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ સિસ્ટમ હશે, જેની મહત્તમ સંભવિત ગતિ ૨૨૦ કિમી/કલાક રહેશે.

મિશ્રિત યાતાયાત (Mixed Traffic) સિસ્ટમ — આ પહેલી SHSR સિસ્ટમ હશે જેમાં માલગાડી ૧૦૦ કિમી/કલાક અને યાત્રી ટ્રેન ૨૨૦ કિમી/કલાકની ગતિ સાથે એક જ ટ્રેક પર સંચાલિત થશે.

પરિયોજનાની ઉપયોગિતા

ધોલેરાને સેમિકન્ડક્ટર ઉદ્યોગ અને સોલર એનર્જી ઘટકોના ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બનાવવા માટે આ પરિયોજના મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાત દેશના સૌર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ધરાવતા અગ્રણી રાજ્યોમાંનું એક છે. સૌર ઊર્જા ક્ષમતા વધારવાની મહત્ત્વાકાંક્ષી યોજનાઓને કારણે સોલર ઘટકોની માંગ સતત વધી રહી છે? આ પરિયોજના દ્વારા ઉદ્યોગોને આંતરિક બજાર સુધી ઝડપી અને સુગમ કનેક્ટિવિટી મળશે.

અમદાવાદ જેવા મોટા શહેરથી ધોલેરા જેવા વિકસતા સેટેલાઈટ શહેર સુધી કુશળ માનવ સંસાધનોનું અવરજવર સરળ બનશે. જેનાથી ઉદ્યોગોને પ્રશિક્ષિત અને યોગ્ય કાર્યબળની ઝડપથી ઉપલબ્ધ થશે.

આ પરિયોજના પ્રસ્તાવિત લોજિસ્ટિક્સ ઝોન અને મલ્ટી-મોડલ કનેક્ટિવિટી દ્વારા ઉદ્યોગોને સપ્લાયર્સ અને બજારો સાથે નિર્બાધ રૂપ થી જોડશે. ફોર-લેન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે, સેમી હાઈ સ્પીડ રેલ અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સાથેના જોડાણથી દેશના આંતરિક બજાર અને નિકાસ દ્વાર જેવા જવાહરલાલ નેહરુ પોર્ટ સુધી ઝડપી પહોંચ સુનિશ્ચિત થશે.

સરખેજ—ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ પરિયોજના ઉત્કૃષ્ટ કનેક્ટિવિટી, કુશળ માનવ સંસાધન અને આધુનિક લોજિસ્ટિક્સ દ્વારા ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજનને સેમિકન્ડક્ટર અને સોલર મેન્યુફેક્ચરિંગનું સશક્ત ઔદ્યોગિક કેન્દ્ર બનાવવામાં સહાયક સાબિત થશે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની મેગા કોમ્બિંગ નાઈટ: ૨૨ સ્થળોએ બુટલેગરના રહેઠાણો પર રેડ કરાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૪૨ જેટલા માથાભારે શખ્સોની પુછપરછ કરી હતી અને ૧૦૦ જેટલી એસયુવી અને ફેન્સી બાઈકસનુ ચેકીંગ કર્યુ હતું અને ટ્રાફીક કાયદાનુ ઉલ્લંઘન કરવા બદલ ૫૪ વાહનોને ડીટેઈન કર્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે ડ્રીંક એન્ડ ડ્રાઈવ ના ૪ કેસ કર્યા અને દારૂ પીધેલા અન્ય ૧૦ શખ્સોની ધરપકડ કરાઈ છે.

અમદાવાદ શહેરમાં ક્રાઈમ બ્રાન્ચે મેગા ઓપરેશન પાર પાડયુ હતું અને ૧૦ શંકાસ્પદ લોકો સામે અટકાયતી પગલા લીધા હતા. સરખેજ, રામોલ અને અમરાઈવાડી વિસ્તારમાં આ કાર્યવાહી કરી હતી. જેમાં હિસ્ટ્રીશીટર, ગુન્હાહીત ઈતિહાસ ધરાવનાર આરોપીઓની પણ તપાસ કરી હતી અને ન્યુસન્સ ફેલાવનાર વિરુધ્ધ પણ કાર્યવાહી કરી હતી. તો બીજી તરફ અમદાવાદના દાણીલીમડા ફૈઝલનગર પાસેથી ક્રાઈમ બ્રાન્ચે ફૈઝાન ઉર્ફે નાનુ કુરેશીને ૧ પિસ્તોલ અને ૩ જીવતા કારતુસ સાથે ઝડપી લીધો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મળેલી ચોકકસ બાતમીના આધારે અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં રેડ પાડવામાં આવી હતી. આ રેડ દરમિયાન એક યુવકને ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપી લીધો હતો. ફૈઝલનગર નજીક શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા ફૈઝાન ઉર્ફે નાનુ કુરેશી નામના શખ્સની જડતી લેતા તેની પાસેથી ઘાતક હથિયારો મળી આવ્યા હતા.

# ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬' અંતર્ગત આઈટી અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ જગત સાથે જોડાયેલા મહાનુભાવોના મંતવ્યો

(૧) માઈક્રોન ટેકનોલોજીના સીઈઓ શ્રી સંજય મેહરોત્રા

માઈક્રોન ટેકનોલોજીના સીઈઓ શ્રી સંજય મેહરોત્રાએ કહ્યું હતું કે, આ એક ઐતિહાસિક ક્ષણ છે કે જ્યાં માઈક્રોન ટેકનોલોજીએ ગુજરાતના સાણંદમાં ભારતની પ્રથમ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટી, 'માઈક્રોન પાયોનિયર'નું ઉદ્ઘાટન કર્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટ ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવવાની દિશામાં મોટું કદમ છે. કેન્દ્ર અને ગુજરાત સરકારના સહયોગથી શરૂ થયેલો આ પ્રોજેક્ટ માત્ર ટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભરતા જ નહીં, પરંતુ ભવિષ્યની ડિજિટલ ક્રાંતિ માટે મજબૂત પાયો પણ નાખશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ ઈકોસિસ્ટમને સફળ બનાવવા માટે માઈક્રોને સુરક્ષા, સસ્ટેનીબિલિટી, સ્થાનિક હાજરી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સ્વીકાર અને પ્રતિભા નિર્માણ જેવા પાંચ મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂક્યો છે. AI ના યુગમાં મેમરી ચિપ્સની માંગ ઝડપથી વધી રહી છે ત્યારે ભારત આ વૈશ્વિક જરૂરિયાતને પૂરી કરવા માટે તૈયાર થઈ રહ્યું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે કૌશલ્ય વિકાસ અને નવીનતા દ્વારા ભારત હવે વિશ્વના નકશા પર એક શક્તિશાળી દેશ તરીકે ઉભરી આવશે.

(૨) ટાટા ઈલેક્ટ્રોનિક્સના સીઈઓ અને એમડી ડો. રણધીર ઠાકુર

ટાટા ઈલેક્ટ્રોનિક્સના સીઈઓ અને એમડી ડો. રણધીર ઠાકુરે કહ્યું હતું કે, ભારત હવે માત્ર પોલિસી પૂરતું મર્યાદિત નથી, પરંતુ ઉત્પાદન ક્ષેત્રે પણ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી રહ્યું છે. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે, જેમાં છેલ્લા વર્ષે ૭૦ અબજ ડોલરના મોબાઈલ ફોનનું ઉત્પાદન થયું છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત ટાટા ઈલેક્ટ્રોનિક્સની અરજી માત્ર ૧૦૦ દિવસમાં મંજૂર કરવામાં આવી હતી, જે રાજ્ય સરકારના સહયોગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ધોલેરા હવે ભારતના 'સેમિકોન સિટી' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના આ પ્રોજેક્ટમાં હાલમાં ૭ હજાર લોકો કાર્યરત છે અને ભવિષ્યમાં ૨૦ હજાર જેટલી રોજગારીની તકો ઉભી થશે. આ વિસ્તારમાં ફોર-લેન હાઈવે, અવિરત વીજળી અને પાણી પુરવઠા જેવી આધુનિક માળખાગત સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે. વધુમાં, ૧૬ દેશોના નિષ્ણાતો અને તાઈવાનથી આવેલા ૩૦૦ કર્મચારીઓ દ્વારા લિથોગ્રાફી જેવી અત્યાધુનિક ટેકનોલોજી ગુજરાતમાં લાવવામાં આવી રહી છે, જે ધોલેરાને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેનનું મુખ્ય કેન્દ્ર બનાવશે.

(૩) સીજી સેમીના ચેરમેન શ્રી જી.સી.ચતુર્વેદી

સીજી સેમીના ચેરમેન શ્રી જી.સી.ચતુર્વેદીએ કહ્યું હતું કે, ભારત આજે ઈલેક્ટ્રોનિક્સના માત્ર ગ્રાહક બનવાના બદલે સેમિકન્ડક્ટર ઉત્પાદન અને ડિઝાઈનના વૈશ્વિક હબ તરીકે ઉભરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ ભારતે છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે 'સીજી સેમી' એ ઓગસ્ટ ૨૦૨૫માં તેનો પ્રથમ પ્લાન્ટ પૂર્ણ કર્યો છે અને ટૂંક સમયમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરશે. વર્ષ ૨૦૨૭ સુધીમાં બીજા પ્લાન્ટની સ્થાપના સાથે વાર્ષિક અંદાજે ૪ અબજ ચિપ્સનું ઉત્પાદન કરવાની ક્ષમતા હાંસલ થશે. જે ઓટોમોટિવ અને ઈન્ડસ્ટ્રિયલ સેક્ટર માટે ગેમ-ચેન્જર સાબિત થશે. ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના વિકાસ માટે તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગની ખૂબ પ્રશંસા કરી હતી.

(૪) કેન્સ ટેકનોલોજીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રમેશ કન્નન

કેન્સ ટેકનોલોજીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રમેશ કન્નને જણાવ્યું હતું કે, ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે ગુજરાત જે નિર્ણાયક નેતૃત્વ પૂરું પાડી રહ્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. રાજ્ય સરકારની દૂરંદેશી નીતિઓ અને વહીવટી તત્પરતાને પરિણામે આજે ગુજરાત ભારતના સેમિકન્ડક્ટર મિશનનું કેન્દ્રબિંદુ બન્યું છે.

તેમણે કહ્યું કે, કેન્સ ખાતે અમે હંમેશા કાર્યક્ષમતા અને અમલીકરણની ગતિ પર ભાર મૂક્યો છે. સેવા ક્ષેત્રથી લઈને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અને હવે સેમિકન્ડક્ટર પેકેજિંગ તથા એડવાન્સ HDI PCB મેન્યુફેક્ચરિંગ સુધીની અમારી સફર ભારતના બદલાતા ઔદ્યોગિક પરિદ્રશ્યનું પ્રતીક છે. ઉચ્ચ તકનીકી ઉત્પાદન, સ્થાનિક પ્રતિભા અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ગુજરાત જે ઔદ્યોગિક પાયો નાખી રહ્યું છે, તેમાં કેન્સ પૂરા ઉત્સાહ અને શિસ્ત સાથે યોગદાન આપીને ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાના સ્વપ્નને સાકાર કરશે.

(૫) SEMI ના સીઈઓ શ્રી અજિત મનોચા

SEMI ના સીઈઓ શ્રી અજિત મનોચાએ જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટર ઉદ્યોગની આવક વર્ષ ૨૦૩૫ સુધીમાં ૨ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે, તેમાં ભારતનો હિસ્સો મહત્વપૂર્ણ રહેશે. ઉદ્યોગસાહસિકો અને નાગરિકોને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવા માટે તેમણે આહવાન કર્યું હતું.

## પોરબંદરમાં સૌથી વધુ ૧,૯૩૨ કિસ્સા

# ગુજરાતના ૨૬ જિલ્લામાં ગૌચર જમીન પર દબાણનો વિસ્ફોટ

## ૨૬ જિલ્લાઓમાં કુલ ૭,૬૫૩ દબાણો નોંધાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગર ખાતે યોજાયેલા ગુજરાત વિધાનસભાના વર્તમાન સત્ર દરમિયાન રાજ્યમાં પશુઓના ચરિયાણ માટે ફાળવવામાં આવેલી ગૌચર જમીનો પર થયેલા ગેરકાયદેસર કબ્જા અંગેના ચોંકાવનારા આંકડાઓ રજૂ કરવામાં આવ્યા છે. વિરોધ પક્ષના સભ્યો દ્વારા પૂછવામાં આવેલા લેખિત પ્રશ્નોના ઉત્તરમાં રાજ્ય સરકારે સ્વીકાર્યું છે કે ગુજરાતના ૨૬ જિલ્લાઓમાં મોટા પાયે ગૌચરની જમીનો પર દબાણ કરવામાં આવ્યું છે. પશુપાલન પર નિર્ભર ગ્રામીણ અર્થતંત્રને નુકસાન પહોંચાડતા આ દબાણોને દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા કયા પગલાં લેવામાં આવી રહ્યા છે તે અંગેની વિગતો પણ ગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

આ અહેવાલ મુજબ, રાજ્યભરમાં કુલ ૭,૬૫૩ જેટલા દબાણો નોંધાયા છે, જેમાંથી સૌથી વિકટ પરિસ્થિતિ પોરબંદર જિલ્લાની જોવા મળી છે.૨

રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવેલી વિગતો મુજબ, વિવિધ જિલ્લાઓમાં ગૌચરની જમીન પર થયેલા દબાણોની સંખ્યા નીચે મુજબ છેઃ સૌથી વધુ દબાણો ધરાવતા જિલ્લાઓમાં પોરબંદર પ્રથમ ક્રમે છે, જ્યાં કુલ ૧,૯૩૨ દબાણો નોંધાયા છે. ત્યારબાદ મહેસાણામાં ૯૬૫ અને આણંદમાં ૭૮૪ દબાણો જોવા મળ્યા છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં ૬૩૬, ગીર સોમનાથમાં ૫૮૯ અને અમરેલીમાં ૨૩૨ દબાણો છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં ૫૮૬, ગાંધીનગરમાં ૩૬૯ અને સાબરકાંઠામાં ૩૮ દબાણો છે. મધ્ય ગુજરાતના ખેડામાં ૧૦૯, અમદાવાદમાં ૧૮૨ અને વડોદરામાં ૧૮ દબાણોની નોંધણી થઈ છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડમાં ૬૬, નવસારીમાં ૧૧ અને ભરૂચમાં ૭ દબાણો છે. અન્ય જિલ્લાઓમાં રાજકોટમાં ૫૧૧, ભાવનગરમાં ૨૨૩, મોરબીમાં ૮૩, કચ્છમાં ૭૮, નર્મદા અને બોટાદમાં ૮૦ ૮૦ દબાણો નોંધાયા છે. જ્યારે દાહોદમાં ૨૬, અરવલ્લીમાં ૨૧, મહીસાગરમાં ૭, સુરેન્દ્રનગરમાં ૪ અને પંચમહાલમાં સૌથી ઓછા ૩ દબાણો છે. ગુજરાત જેવા રાજ્યમાં જ્યાં પશુપાલન એ લાખો લોકોની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત છે, ત્યાં ગૌચરની જમીનો પર થતા દબાણો એક ગંભીર સમસ્યા બની ગયા છે. ગૌચરની જમીન પર થતા બાંધકામો અથવા ખેતીકામને કારણે પશુઓને ચરવા માટે પૂરતી જગ્યા મળતી નથી. આ સમસ્યાને કારણે માલધારી સમુદાયમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિધાનસભામાં રજૂ થયેલા આંકડા દર્શાવે છે કે ૨૬ જિલ્લાઓમાં ફેલાયેલું આ જાળ પશુધનના સંવર્ધન માટે મોટો પડકાર છે.રાજ્ય સરકારે ગૃહમાં ખાતરી આપી છે કે આ તમામ ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે વહીવટી સ્તરે સક્રિય કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ઘણા કિસ્સાઓમાં નોટિસો ફટકારવામાં આવી છે અને કેટલાક જટિલ પ્રશ્નો અત્યારે ન્યાયાલયના આધીન છે. પશુધન માટે અનામત રાખવામાં આવેલી આ પવિત્ર જમીનોને ખુલ્લી કરાવવા માટે સ્થાનિક પંચાયતો અને મહેસૂલ વિભાગને સંકલનમાં રહીને કામ કરવા સૂચના આપવામાં આવી છે. આગામી સમયમાં ઝુંબેશ ચલાવીને આ દબાણો દૂર કરવાની નેમ સરકારે વ્યક્ત કરી છે.

# સુરત સમુહલગ્નમાં આંતરધર્મીય લગ્ન વિવાદમાં નવો વળાંક : આયોજક સંસ્થા વિરૂધ્ધ હિન્દુ યુવક - મુસ્લીમ યુવતિના ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરમાં સમુહલગ્નમાં થનાર મુસ્લીમ યુવતિ અને હિન્દુ યુવકના આંતરધર્મીય લગ્નને લઈને ઉભેલા વિવાદે હવે નવો વળાંક લીધો છે. આ સમુહલગ્ન આયોજન કરનાર સામાજિક સંસ્થા યશવી ચેરીટેબલ ટ્રસ્ટે ગઈ કાલે આ આંતરધર્મીય લગ્નને સમુહલગ્નમાં મોકુફ રાખ્યા બાદ આ યુવત-યુવતિએ કાયદાકીય રીતે લગ્ન નોંધણીની પ્રક્રિયા શરૂ કરી છે અને બાદમાં આ મામલે મીડીયા સમક્ષ રજુ થઈ બંને એ સમગ્ર ઘટનાક્રમ અંગે ખુલાસો કરતા સમુહલગ્ન આયોજક સંસ્થા યશવી પર પ્રસિધ્ધિ મેળવવા માટે તેમનો ઉપયોગ કર્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. મળતી માહિતી મુજબ સુરત શહેરમાં ડુમસ રોડ પર આવેલા રાજધરા પાર્ટી પ્લોટ ખાતે યશવી ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા




આગામી ૧૪ માર્ચે ભવ્ય સમુહલગ્નોત્સવનુ આયોજન કરાયુ હતું જેમાં ૧૦૧ યુગલો પ્રભુતામાં પગલા માંડવાના છે. જો કે આ સમુહલગ્ન કાર્યક્રમમાં હિન્દુ વિધી મુજબ એક મુસ્લીમ યુવતિ અને હિન્દુ યુવકના આંતરધર્મીય લગ્ન પણ થવાના હોવાથી આ મામલે વિવાદ સર્જાયો હતો. જેથી સમાજ આગેવાનોની રજુઆત બાદ આયોજક સંસ્થા યશવી ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટે સમુહલગ્નોત્સવમાં થનાર આ આંતરધર્મીય લગ્ન પર રોક લગાવી દીધી હતી. જો કે સમુહલગ્નમાં આંતરધર્મીય લગ્ન પર રોક લગાવ્યા બાદ આ મુસ્લીમ યુવતિ અને હિન્દુ યુવકે કાયદાકીય પ્રક્રિયા મુજબ લગ્ન નોંધણી કરાવી છે અને હવે દંપત્તિ બનેલા આ યુવક યુવતિએ મીડીયા સામે આવી સમુહલગ્ન આયોજક સંસ્થા યશવી ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ પર ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. મુદ્દો સેન્સિટીવ હોવા છતાં સંસ્થાએ મીડીયા કવરેજ મેળવવા માટે યુગલને આગળ ધપાવ્યા હોવાનો આક્ષેપ આ દંપત્તિ કરી રહ્યુ છે. આ મામલે મુસ્લીમ યુવતિએ મીડીયા સમક્ષ આવી કહ્યુ હતુ કે શરૂઆતમાં હું મીડીયા સામે બોલવા તૈયાર ન હતી છતાં સંસ્થાના પ્રતિનિધિઓએ તેને ભાવનાત્મક રીતે પ્રેરીત કરી કેમેરા સમક્ષ રજુ કરાઈ હતી. વિવાદ વધતા જ સંસ્થાએ માત્ર અમારા લગ્ન રદ કર્યા હતા. પ્રસિધ્ધિ મેળવવા માટે તેમને અમને જાહેર મંચ પર રજુ કર્યા પરંતુ વિવાદ વધતા જ સંસ્થાએ પીછેહઠ કરી છે. પરીણામે સોશીયલ મીડીયા અને સ્થાનિક સ્તરે આ મામલે ટીકા ટીપ્પણીઓ થઈ રહી છે. ત્યારે આ માહોલ વચ્ચે અમારૂ ઘર બહાર નિકળવુ પણ મુશ્કેલ બન્યુ છે. યુગલે સંસ્થાની કાર્યવાહીથી તેઓની છબી બગડી હોવાનુ કહી આક્ષેપ કર્યો હતો કે પ્રસિધ્ધિ અને લોકપ્રિયતા મેળવવા માટે તેમની વ્યકિતગત જીંદગી સાથે ખેલ કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે હાલ આ મામલે બંને પક્ષ વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ છે. ત્યારે આ સંસ્થા યશવી અગાઉ પણ કેટલાક વિવાદોમાં આવી ચુકી હોવાના અહેવાલો હાલ બહાર આવી રહ્યા છે. સુરતના ચાર રસ્તા પર શહીદોના સ્મારક મુદ્દે વિવાદ, તેમજ નવરાત્રી દરમિયાન યુનિર્વસિટીનુ ગ્રાઉન્ડ ભાડે લેવા મુદ્દે ઉઠેલા પ્રશ્નો બાદ આ સંસ્થા હાલ ફરી એકવાર સમુહલગ્નમાં આંતરધર્મીય લગ્ન બાબતે ચર્ચામાં આવી છે. જેથી આ બાબતે શહેરમાં હાલ રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.

## બોર્ડની પરીક્ષામાં કેમેસ્ટ્રીનું પેપર ખરાબ ગયું હતું

# પેપર ખરાબ જતાં ધો. ૧૨ની વિદ્યાર્થિનીએ જીવન ટૂંકાવ્યુ

## કેમેસ્ટ્રીનું પેપર ખરાબ જતાં આ વિદ્યાર્થીનીએ પોતાના ઘરે બેડરૂમમાં જ ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

હાલમાં ચાલી રહેલી બોર્ડ પરીક્ષામાં પેપર સારું ન જતાં એક ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીએ જીવન ટૂંકાવ્યું હોવાની કરુણ ઘટના બારડોલી ગ્રામ્ય વિસ્તારમાંથી સામે આવી રહી છે. ગુજરાત બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં ગઈકાલે સાયન્સ વિભાગમાં કેમેસ્ટ્રીનું પેપર ખરાબ જતાં આ વિદ્યાર્થીનીએ પોતાના ઘરે બેડરૂમમાં જ ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની માહિતી મળી રહી છે, ત્યારે આ ઘટનાને કારણે મૃતક વિદ્યાર્થિનીનો પરિવાર શોકાતુર બન્યો છે.

ઘટનાની મળતી માહિતી મુજબ, ગુજરાત બોર્ડની પરીક્ષા દરમિયાન સુરત જિલ્લાના બારડોલી તાલુકાના બાબેન ગામે આ કરુણ ઘટના બની છે. જ્યાં ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. ગઈકાલે ગુજરાત બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં કેમેસ્ટ્રી (રસાયણશાસ્ત્ર)નું પેપર હતું. જે પેપર સારું ન જતાં આ વિદ્યાર્થિનીએ આ અંતિમ પગલું ભર્યું હોવાની માહિતી હાલ સામે આવી રહી છે. પરિવારજનોના જણાવ્યાનુસાર, ગતરોજ તેનું કેમેસ્ટ્રીનું પેપર હતું, તેને બીજીવાર આ પરીક્ષા આપી હતી. ગઈકાલે તે વિદ્યાર્થિની બોર્ડની પરીક્ષા આપીને ઘરે પરત ફરી હતી અને ઉદાસ જણાતી હતી. બાદમાં તે પોતાના બેડરૂમમાં ગઈ હતી. જોકે લાંબા સમય બાદ પણ તે બેડરૂમમાંથી બહાર ન આવતા પરિવારજનોએ તેના બેડરૂમમાં તપાસ કરી, ત્યારે તે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી લટકતી હાલતમાં મળી આવી છે, જેને નીચે ઉતારી જોતા તેનું મોત થયાની પુષ્ટિ થઈ હતી. નોંધનીય છે કે, ગઈકાલે આવી જ એક ઘટના જૂનાગઢના વધાવી ગામેથી સામે આવી હતી, જ્યાં ૨૧ વર્ષીય પૂનમ મારડિયા નામની યુવતીએ પોલીસની ભરતીમાં બે માર્ક્સથી નાપાસ થતા આવી જ રીતે ઘરમાં જ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું, ત્યારે વારંવાર સામે આવતી આ કરુણ ઘટનાઓ હાલ સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. જોકે હાલ તો બોર્ડની પરીક્ષામાં કેમેસ્ટ્રીનું પેપર ખરાબ જતાં નાસીપાસ થઈ વિદ્યાર્થિનીએ ઘરમાં જ ગળેફાંસો ખાઈ આપઘાત કરતા તેનો પરિવાર શોકાતુર બન્યો છે. વિદ્યાર્થિનીએ આ અંતિમ પગલું ભરતા તેના મિત્રવર્તુળમાં પણ હાલ શોકનો માહોલ છવાયો છે.

# T20 વર્લ્ડ કપથી બહાર ફેંકાતા જ શ્રીલંકન દિગ્ગજ જયસૂર્યા દુઃખી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકન ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ સનથ જયસૂર્યાએ પોતાના ભવિષ્ય અંગે એક મોટો સંકેત આપ્યો છે. શ્રીલંકાના હેડ કોચ જયસૂર્યાએ સ્પષ્ટ કર્યું છે કે, હું હાલમાં પદ નથી છોડી રહ્યો, પરંતુ જો શ્રીલંકા ક્રિકેટ (SLC)ને યોગ્ય વિકલ્પ મળે તો હું જવાબદારી સોંપવા માટે તૈયાર છું. જયસૂર્યાના નિવેદનથી એ સંકેત મળે છે કે હેડ કોચ તરીકેનો તેમનો કાર્યકાળ હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગયો છે.

પાકિસ્તાન સામે ૫ રનથી મળેલી હાર નજીકની બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં સનથ જયસૂર્યાએ કહ્યું કે, મારા ભવિષ્ય અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો.

તેમનો વર્તમાન કોન્ટ્રાક્ટ જૂન ૨૦૨૬ સુધી છે. હવે શ્રીલંકાની આ જ મહિને અફઘાનિસ્તાન સામે મર્યાદિત ઓવરની સીરિઝ યોજાવાની છે, તો આવી સ્થિતિમાં બોર્ડ હાલ માટે સ્થિરતા જાળવી રાખવાના પક્ષમાં હોઈ શકે છે. સનથ જયસૂર્યાએ કહ્યું કે, મેં વિચાર્યું હતું કે, હું આ જવાબદારી બીજા કોઈને સોંપી દઉં. ઈંગ્લેન્ડ સીરિઝ દરમિયાન બે મહિના પહેલા પણ મેં કહ્યું હતું કે મારી અહીં લાંબા સમય સુધી રહેવાની યોજના નથી. જે રીતે વર્લ્ડ કપ સમાપ્ત થયો તેનો મને અફસોસ છે. છેલ્લા દોઢ વર્ષમાં અમે અમારા રેન્કિંગમાં સુધારો કર્યો છે અને ટીમને વધુ સારી સ્થિતિમાં પહોંચાડી છે. મારો કોન્ટ્રાક્ટ જૂનમાં સમાપ્ત થઈ રહ્યો છે. મેં હજુ સુધી સત્તાવાર રીતે બોર્ડને મારો નિર્ણય નથી જણાવ્યો. શ્રીલંકાનું T20 વર્લ્ડ કપ અભિયાન શરૂઆતથી જ સંઘર્ષપૂર્ણ રહ્યું. લીગ સ્ટેજમાં ઝિમ્બાબ્વે સામે ચોંકાવનારી હાર છતાં શ્રીલંકાની ટીમ સુપર ૮ સ્ટેજમાં પહોંચી. ત્યારબાદ સુપર ૮ સ્ટેજમાં તેને ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન સામે હારનો સામનો કરવો પડ્યો. પાકિસ્તાન સામેની મેચ સૌથી પીડાદાયક સાબિત થઈ. ૨૧૩ રનના પીછો કરવા માટે શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ ૭૬ રનની વિસ્ફોટક અણનમ ઈનિંગ રમી, પરંતુ ટીમ માત્ર ૫ રનથી લક્ષ્ય ચૂકી ગઈ. ૨૦૧૪ની ચેમ્પિયન શ્રીલંકા ટીમ સતત પાંચમી વખત T20 વર્લ્ડ કપના સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી. ૨૦૨૪ના મધ્યમાં કાર્યકારી કોચ તરીકે કાર્યભાર સંભાળનારા સનથ જયસૂર્યાને તે જ વર્ષે કાયમી હેડ કોચ તરીકે નિયુક્ત કરી દેવામાં આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન શ્રીલંકાએ અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી. ૨૭ વર્ષ બાદ ભારત સામે પહેલી વાર દ્વિપક્ષીય વનડે સીરિઝ જીતી. ઈંગ્લેન્ડ સામે ઓવલ મેદાન પર યાદગાર ટેસ્ટ જીત હાંસલ કરી. બજી તરફ ઘરઆંગણે ન્યુઝીલેન્ડ સામે ૨-૦ થી ટેસ્ટ સીરિઝ પર કબજો જમાવ્યો.

# કંપનીએ ઓફિસમાં દારૂ પીતા કર્મચારીને કાઢી મૂકયો તો કોર્ટે કર્મચારીને રૂપિયા ૫૦ લાખનું વળતર અપાવ્યું

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આ વાત છે સ્પેનની જયાં એક કર્મચારી ઓફિસમાં કામ કરવા આવે એ પછી બિયર પીતો હોય એવી શંકા હોવાથી કંપનીએ પોતાની પોલીસી મુજબ ઓફિસના સમયમાં અને ઓફિસની અંદર દારૂ કે દારૂ હોય એવું કોઈ પણ પીણું પીવા પર પ્રતિબંધ હતો. જોકે આ માણસ બિયર પીતા હોવાની શંકા જતાં તેના ઉપરીએ આ માટે તેની પાછળ ડિટેકિટવ ગોઠવ્યા.

ઓફિસમાં માટે તે કોઈની નજરે ચડે એ રીતે તો દારૂ નહોતો પીતો, પરંતુ એ પછી બિયર કયાંકથી પી ને આવતો હતો એવું લાગતું હતું.આ ફરિયાદ પર કંપનીએ કર્મચારીની પાછળ જાસૂસ બેસાડયા અને કંપનીનો શક સાચો પડયો. લંચ-બ્રેક દરમ્યાન તે પાર્કિંગમાં જઈને પોતાની કારમાં બેસીને બિયર પીતો હતો.આ વાત ના પુરાવા મળ્યા એટલે કંપનીએ તરત જ તેને પાણીચુ પકડાવી દીધુ.

અચાનક નોકરી જતી રહેતા કર્મચારી પણ ચિંતામાં મુકાઈ ગયો. જોકે તેણે પોતાને કાઢી મુકાયો એ પાછળનું કારણ ગેરકાનૂની છે. એની અપીલ કરી. કોર્ટમાં કેસ ચાલ્યો અને કોર્ટે ખરેખર કર્મચારીની ફેવરમાં ચુકાદો આપ્યો. જજનું કહેવું હતુ કે કર્મચારી લંચ-બ્રેકમાં બિયર પીતો હતો. લંચ-બ્રેક એ ઓફિસનો વર્કિંગ અવર નથી ગણાતો. બીજુ તે પોતાની કારમાં બેસીને પીતો હતો એટલે કંપનીના બિલ્ડીંગનો ઉપયોગ પણ નહોતો કરતો. બીજી તરફ કંપની એ સાબિત ના કરી શકે કે બિયર પીવાને કારણે તેના કામ પર માઠી અસર પડતી હતી. બસ કોર્ટે કંપનીને એ કર્મચારીને કાં તો ફરીથી નોકરીમાં પાછો લેવાનો અથવા તો ૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો ચુકાદો આપ્યો. કંપની એ કર્મચારી ને પાછો લેવાને બદલે વળતર આપવાનું પસંદ કર્યું હતું.

# ત્રણ શહેરોના નામ બદલતી રાજસ્થાન સરકાર

## માઉન્ટ આબુ હવે થયું આબુરાજ, જહાજપુર બન્યું હવે યજ્ઞપુર અને હવે કામમાં ઓળખાશે કામવનના નવા નામે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે ઘણીવાર કહીએ છીએ કે નામ મેં ક્યાં રખ્ખા હૈ લેકીન નામ મેં બહુત કુછ રખા હૈ. અને એવું જ કંઈક રાજસ્થાન સરકારે કરી બતાવ્યું છે.

જે રીતે દેશના અન્ય રાજયમાં નામ બદલવાનો પવન ફૂંકાઈ ને નામો બદલવામાં આવ્યા છે એ જ રીતે હવે રાજસ્થાન સરકાર પણ ચાલી રહી હોય એમ તાજેતરમાં જ રાજસ્થાન સરકારે ત્રણ શહેરો ના નામ બદલ્યા છે. માઉન્ટ આબુ હવે આબુરાજ, કામાં હવે કામવન અને જહાજપુર હવે યજ્ઞપુર તરીકે ઓળખાશે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ વિધાનસભામાં જાહેરાત કરી હતી. સરકારે આ પ્રદેશની સંસ્કૃતિ અસ્મિતા અને ઐતિહાસિક ઓળખને પુનઃસ્થાપિત કરવાની દિશામાં આ મોટું પગલું ગણાવ્યુ છે.

સિરોહી જિલ્લામાં આવેલું રાજ્યનું એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુ ઘણા વર્ષોથી રાજસ્થાન માટે જ નહીં દેશ વિદેશમાં પણ એક મુખ્ય પ્રવાસન આકર્ષણ રહ્યું છે. માઉન્ટ આબુ ને હિન્દીમાં આબુ પર્વત તરીકે ઓળખવામાં આવે છે. આબુરાજ એની પ્રાચીન ઓળખ છે. જેને હવે માન્યતા આપવામાં આવી છે.

ભરતપુર જિલ્લામાં ધાર્મિક મહત્વ ધરાવતા કામા નું નામ બદલીને કામવન કરવામાં આવશે. કામાં બ્રજ પ્રદેશની સંસ્કૃતિ સાથે ઊંડે સુધી જોડાયેલું માનવામાં આવે છે.

ભીલવાડા જિલ્લામાં જહાજપુર એક ઐતિહાસિક શહેર છે. જે પ્રાચીન ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓમાં ઊંડા મૂળ ધરાવે છે. સરકારનો દાવો છે કે આ શહેરનો સંબંધ પ્રાચીન યજ્ઞ પરંપરા અને ધાર્મિક માન્યતાઓ સાથે રહેલો છે. આથી આ નામકરણ કરવામાં આવ્યું છે.

### સોનાના દાગીનાથી લઈ બાસમતી ચોખા તેમજ પેટ્રોલ ડીઝલના ભાવ વધવાની શકયતા

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ ની અસર સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગ પર પડશે ભારે અસર : કરોડોનુ નુકશાન થવાની ભીતી

પ્રતિનિધિ,ગાંધીનગર




પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે સર્જાયેલી વિસ્ફોટક સ્થિતિએ સુરતના કાપડ ઉદ્યોગ જગતની ચિંતામાં વધારો કર્યો છે. દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ના પદાધિકારીઓના જણાવ્યા અનુસાર જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગને ૧૦૦ ટકા જેટલુ મોટુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવી શકે છે. હીરા ઉદ્યોગ પહેલેથી જ મંદીમાં છે ત્યારે હવે કાપડ માર્કેટ પર પણ આ યુદ્ધનો બેવડો ફટકો પડવાની સંભાવના આશંકા છે. સુરતનો ટેક્ષટાઈલ વેપાર મુખ્યત્વે દુબઈના માધ્યમથી સંયુકત આરબ અમીરાત (યુએઈ) ના અંદાજે ૪૫ જેટલા દેશો સાથે જોડાયેલો છે.

સુરત ટેક્ષટાઈલ ઉદ્યોગના ઉપપ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યુ હતુ કે સુરતથી મોટા પાયે કાપડની નિકાસ આ દેશોમાં કરવામાં આવે છે. યુદ્ધને કારણે લોજીસ્ટિકસ સેવાઓ ખોરવાઈ જવાથી અને પેમેન્ટ સાયકલ અટકી જવાથી નિકાસ પર સીધી બ્રેક લાગી શકે છે. જે સુરતના હજારો વિવર્સ અને વેપારીઓ માટે મુશ્કેલીઓ ઉભી કરશે. સુરત એ મેન મેડફાઈબર નુ ગ્લોબલ હબ છે અને મધ્ય પૂર્વ ના દેશોમાં સુરતની અમુક ખાસ પ્રોડકટની ભારે ડીમાન્ડ રહે છે. યુદ્ધને કારણે મોટા ભાગની વસ્તુઓ અને વેપાર પર માઠી અસર થવાની શકયતા છે. આરબ દેશોમાં સુરતથી નિકાસ થતા બુરખા ના કાપડનુ મોટુ બજાર છે, તૈયાર ડ્રેસ મટીરીયલ્સ અને સલવાર કમીઝ ની નિકાસમાં પણ મોટો ઘટાડો આવી શકે છે. વિવિધ પ્રકારના સિન્થેટીક કાપડની સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે. યુદ્ધની સ્થિતિમાં નુર અને વિમાના દરોમાં તોતીંગ વધારો થવાથી નિકાસ મોંઘી બનશે. જો આ સંઘર્ષ ટુંકા ગાળામાં ન શમે તો ટેક્ષટાઈલ માર્કેટ માં મોટી મંદી આવવાની આશંકા છે. જેની સીધી અસર સ્થાનિક ઉત્પાદન અને લાખો શ્રમિકોની રોજગારી પર પડી શકે છે. હાલ સુરતના ઉદ્યોગપતિઓ અને વૈશ્વિક સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. અને કેન્દ્ર સરકાર પાસે રાહતના પગલાની અપેક્ષા રાખી રહ્યા છે.

અમેરીકા અને ઈરાન વચ્ચે છેડાયેલુ આ યુદ્ધ હવે માત્ર બે દેશો કે ઈઝરાયેલ પુરતુ મર્યાદીત રહ્યુ નથી, તેની લપેટમાં હવે સાઉદી અરેબીયા, યુએઈ , કતાર અને બહેરીન જેવા દેશો પણ આવી રહ્યા છે. ઈરાને આ પાડોશી દેશો પર પણ મોટા હુમલા કર્યા છે. મધ્ય પૂર્વ ના આ ભડકાની ભારત પર પણ ભારે અસર પડી શકે છે. મધ્ય પૂર્વ એ વિશ્વનુ મુખ્ય તેલ ઉત્પાદક ક્ષેત્ર છે. ભારત તેની જરૂરીયાતની મોટા ભાગનુ કાચુ તેલ આયાત કરે છે. અમેરીકાના દબાણ હેઠળ ભારતે તાજેતરમાં રશિયાને બદલે સાઉદી અરેબીયા પાસેથી તેલની ખરીદી વધારી હતી. જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો સપ્લાય ચેઈન ખોરવાઈ જશે. નિષ્ણાંતોના મતે કાચા તેલના ભાવ વધુ શકે છે. જે ભારતમાં પેટ્રોલ ડીઝલના ભાવ વધારી શકે છે. વૈશ્વિક અસ્થિરતાની સૌથી પહેલી અસર શેરબજાર પર જોવા મળે છે. શુક્રવારે પણ બજારમાં મોટુ ગાબડુ જોવા મળ્યુ હતું. સોમવારે જયારે બજાર ખુલશે ત્યારે યુએસ અને ઈરાન યુદ્ધ ના દબાણ હેઠળ મોટાભાગની વસ્તુઓ નીચે જવાની શકયતા છે. રોકાણકારોમાં ફેલાયેલી અનિશ્ચિતતા સ્થાનિક શેરબજાર ને નકારાત્મક રીતે પ્રભાવીત કરશે. જયારે શેર બજાર અસ્થિર બને છે ત્યારે રોકાણકારો સોના અને ચાંદી જેવા સુરક્ષિત રોકાણ તરફ વળે છે. માંગ વધવાને કારણે ભાવમાં તોતીંગ વધારો થઈ શકે છે. બજારના જાણકારોનુ માનવુ છે કે સોનુ પ્રતિગ્રામ ૧૦ ગ્રામ ૧,૭૦,૦૦૦, ચાંદી કિલો દીઠ રૂપીયા ૩ લાખ ના સ્તરે પહોચી શકે છે.

મોટાપાયે ભારત ઈરાન અને મધ્ય પૂર્વના દેશોમાં બાસમતી ચોખાની નિકાસ કરે છે, યુદ્ધની સ્થિતિમાં નિકાસના ઓર્ડર અને લોજીસ્ટિકસ ખોરવાઈ શકે છે. જે ભારતીય નિકાસ કારો અને ખેડુતો માટે ચિંતાનો વિષય બની શકે છે. તેલના ભાવ વધતા ડોલરની માંગ માં જબરદસ્ત ઉછાળો આવશે, યુદ્ધના સમયમાં વિશ્વભરમાં ડોલર સૌથી મજબુત ચલણ તરીકે ઉભરી આવે છે. તેના પરીણામે ભારતીય રૂપીયો ડોલર સામે ઐતિહાસિક નીચી સપાટીએ પહોચી શકે છે. જે આયાતને વધુ મોંઘી બનાવશે.

# અમે હોટલમાં કેદ છીએ: મક્કામા ફસાયા ગુજરાતના ૧ હજારથી વધુ યાત્રાળુઓ

પ્રતિનિધિ,ગાંધીનગર




ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા ભીષણ યુદ્ધની માઠી અસર હવે પવિત્ર ઉમરાહ ની યાત્રાએ ગયેલા ગુજરાતીઓ પર પડી રહી છે. હાલમા ગુજરાતના આશરે ૧ હજાર થી વધુ યાત્રાળુઓ મક્કા મદીનામાં ફસાયા છે. ફલાઈટ્સ રદ થવાને કારણે અને એરસ્પેસ બંધ થવાથી આ યાત્રાળુઓ વતનમાં પરત ફરી શકયા નથી અને ભારે ચિંતામાં મુકાયા છે.

વડોદરા થી ઉમરાહ કરવા ગયેલા વેપારી ફારૂકભાઈ સોનીએ મક્કા થી એક વિડીયો સંદેશ મોકલીને ત્યાની ગંભીર સ્થિતિ વિશે જણાવ્યુ હતું કે અમે અત્યારે હોટલના રૂમમાં બંધ છીએ, યુદ્ધની સ્થિતિને કારણે એરપોર્ટ જઈ શકાય તેમ નથી, અમારી પાસે જીવન જરૂરી સામાન અને ખાસ કરીને વૃધ્ધો માટેની દવાઓ ખુટી રહી છે. અમે બસ હવે એ જ પ્રાર્થના કરીએ છીએ કે આ યુદ્ધ જલ્દી બંધ થાય અને અમે વતન પરત ફરીએ, અમદાવાદ થી ગયેલા આશરે ૬૦ જેટલા યાત્રાળુઓ એરપોર્ટ પહોચ્યા હતા. પરંતુ ફલાઈટ્સ કેન્સલ થતા તેમને પરત હોટલમા મોકલી દેવાયા હતા. યાત્રાળુઓએ જણાવ્યુ હતુ કે હવે તેમની પાસે પુરતા પૈસા પણ રહ્યા નથી. આખી રાત જાગીને વતનમાં પરત ફરવાની રાહ જોતા આ મુસાફરો હવે ભારત સરકાર પાસે મદદની ગુહાર લગાવી રહ્યા છે. શનિવારે ઈઝરાયેલના હુમલા અને તેના જવાબમાં ઈરાને છોડેલી ૪૦૦ મીસાઈલો ને કારણે મીડલ ઈસ્ટનુ આકાશ અત્યારે યુદ્ધ વિમાનો અને મિસાઈલોથી ભરેલુ છે. જેના કારણે ગંભીર સુરક્ષા જોખમ ઉભુ થયુ છે. સાવચેતીના ભાગરૂપે ઈરાન અને દુબઈના એરસ્પેસ હાલમાં બંધ કરી દેવામાં આવ્યા છે. પરીણામે ઈન્ડીગો અને એર ઈન્ડીયા સહિતની મુખ્ય એરલાઈન્સે પોતાની તમામ ઉડાન ૨૮ માર્ચ સુધી સ્થગિત કરી દીધી છે.

એશિયા અને યુરોપને જોડતો આ અત્યંત મહત્વપૂર્ણ એવીએશન કોરીડોર ઠપ થઈ જવાથી વિશ્વભરમાં હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે અને અટવાઈ પડયા છે. ગુજરાતમાં રહેલા યાત્રાળુઓના પરીવારજનો પણ ચિંતામાં મુકાયા છે. મધ્ય પૂર્વ ના દેશો જેવા કે કતાર, બહેરીન અને કુવૈતમાં પણ તણાવપૂર્ણ સ્થિતિ છે. બહેરીનની રાજધાની મનામામાં થયેલા બ્લાસ્ટના સમાચારોએ ગુજરાતીઓમાં ડર નો માહોલ પેદા કર્યો છે.

# ઈઝરાયેલ-ઈરાન યુદ્ધના તણાવ વચ્ચે સાઉદીમાં ગુજરાતીઓ અટવાયા: ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ નાગરીકોની સુરક્ષા માટે કરી સરકારને અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર



પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિને કારણે વૈશ્વિક વિમાની સેવાઓ પર મોટુ સંકટ તોળાઈ રહ્યુ છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતી તંગદીલીને પગલે સુરક્ષાના કારણોસર ખાડી દેશોએ પોતાના એરપોર્ટ અને એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) બંધ કરી દીધા છે. આ સ્થિતિમાં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાંથી ઉમરાહ કરવા ગયેલા આશરે ૧ હજાર જેટલા શ્રધ્ધાળુઓ જેદાહ એરપોર્ટ પર ફસાઈ ગયા છે. આ સિવાય અમેરીકા અને યુરોપથી ભારત આવી રહેલા અનેક ગુજરાતી પ્રવાસીઓને અન્ય દેશોમાં હોટલોમાં આશ્રય લેવાની ફરજ પડી છે.

અમદાવાદના ટુર ઓપરેટર મહેશભાઈ ડડુકીયાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ખાડી દેશોમાં અચાનક એરસ્પેસ બંધ થવાને કારણે ફલાઈટ્સ રદ થઈ ગઈ છે. અથવા તો અન્ય દેશોમાં ડાયવર્ટ કરવામાં આવી રહી છે. અમેરીકાથી વાયા અબુધાબી થઈ અમદાવાદ આવી રહેલા નીલ્લુભાઈ અને તેમનો પરીવાર ફલાઈટ રદ થવાને કારણે અબુધાબી માં જ અટવાઈ પડયો છે. એરલાઈન્સ દ્વારા તેમને હાલ હોટલમાં ઉતારો આપવામાં આવ્યો છે. તેમજ યુએસએ થી દુબઈ જઈ રહેલા ભુપેન્દ્રભાઈની ફલાઈટને અધવચ્ચેથી ઈટાલીના રોમ તરફ ડાયવર્ટ કરી દેવાઈ છે. ટેલીકોમ નેટવર્ક અને યુદ્ધની સ્થિતિને કારણે અનેક પરીવારો સાથે સંપર્ક સાધવો મુશ્કેલ બની રહ્યો છે અને રમજાન ના પવિત્ર માસમાં ઉમરાહ કરવા ગયેલા સેંકડો ગુજરાતીઓ જેદાહ થી ભારત પરત આવવાના હતા પરંતુ ફલાઈટ્સ રદ થતા તેઓ ત્યાંની હોટલમાં રોકાયા છે.

સ્થિતિની ગંભીરતાને જોતા અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ના ટર્મીનલ-૧ અને ૨ પર વિશેષ હેલ્થડેસ્ક અને હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા છે. એરપોર્ટ પર મુસાફરોને ફલાઈટના બદલાયેલા સમય , કનેકિંટગ ફલાઈટ ની લેટેસ્ટ સ્થિતિ અને રી બુકીંગ અંગે સતત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવી રહ્યુ છે. ઈઝરાયેલ , અમેરીકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે. ત્યારે અમદાવાદના જમાલપુર ખાડીયા વિસ્તારમાંથી ગલ્ફ કન્ટ્રીમાં ગયેલા કેટલાક યાત્રાળુઓ સાઉદી એરપોર્ટ પર ફસાયા હોવાનુ બહાર આવ્યુ છે. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ ત્યાં ફસાયેલા લોકોની સુરક્ષા માટે યોગ્ય કાર્યવાહી કરવા સરકારને અપીલ કરી છે. જમાલપુર ના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યુ હતુ કે અમદાવાદ અને ગુજરાતના અન્ય શહેરોમાંથી રમજાન ઉમરાહ માટે ગયેલા યાત્રીકો જેદાહ એરપોર્ટ પર ફસાયેલા છે. જેઓને પરત લાવવા માટે સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવે, વડાપ્રધાનને હું વિનંતી કરૂ છું કે તમે તાત્કાલીક વિદેશ મંત્રાલયનો સંપર્ક કરી તેઓને ભારત લાવવાની વ્યવસ્થા કરવામાં આવે, ત્યાં ફસાયેલા લોકો ના પરીવારજનો ચિંતિતિ છે.

ઈરાન કયુમ અલ મુસ્તુફા ઈન્ટરનેશનલ યુનિર્વસિટીમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ તેહરાનમાં હુમલાની સ્થિતિ ગંભીર છે. જો કે અત્યારે રમજાન માસ ચાલતો હોવાથી યુનિર્વસિટીઓમાં વેકેશન છે અને મોટા ભાગના ભારતીય વિદ્યાર્થીઓ પહેલે થી જ વતન પરત આવી ગયા છે જે એક રાહતના સમાચાર છે.

ટ્રાવેલ એજન્ટ ફેડરેશન ઓફ ઈન્ડીયાના પૂર્વ સેક્રેટરી અંકિત બજાજના કહેવા પ્રમાણે હાલમાં રમજાનને કારણે મુવમેન્ટ ઓછી છે પરંતુ ૧૫ માર્ચ પછી વેકેશન માટે મોટાપાયે બુકીંગ થયેલા છે. એડવાન્સ પ્લાનીંગ કરનારા પ્રવાસીઓમાં અત્યારે ચિંતાનો માહોલ છે અને ટ્રાવેલ એજન્ટ્સ પર સતત પુછપરછ માટે ફોન આવી રહ્યા છે. અજય મોદી ટ્રાવેલ્સના આલાપ મોદીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે દુબઈમાં ટુરીસ્ટ સ્થળો પર કોઈ અસર થઈ નથી. પરંતુ એરસ્પેસ બંધ હોવુ એ ચિંતાનો વિષય છે. ૧૫ માર્ચ થી મે મહિના સુધીમાં અંદાજે ૨૫૦૦ જેટલી ટીકીટો બુક થયેલી છે, આગામી ૨ થી ૩ દિવસમાં સ્થિતિ વધુ સ્પષ્ટ થશે. ઈરાન ઈઝરાયેલ સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય પ્રવાસન અને વિમાની સેવાઓ સંપૂર્ણપણે અનિશ્ચિત બની ગઈ છે. જેદાહ અને અન્ય ખાડી દેશોમાં ફસાયેલા ગુજરાતીઓને પરત લાવવા માટે ભારત સરકાર અને નાગરીક ઉડ્ડયન મંત્રાલય આગામી દિવસોમાં શું પગલા લે છે તેના પર સૌની નજર છે.

# અમદાવાદમાં પોલીસકર્મી હોવાની નકલી ઓળખ આપીને રૂપીયા પડાવનાર ગઠીયાની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદ શહેરમાં ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતો હોવાની ઓળખ આપી એક ગઠીયાએ જેલમાં બંધ આરોપીને જેલમાંથી છોડાવવાનુ કહીને તેના પરીવારજનો પાસેથી રૂપીયા પડાવ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. આ મામલે હાલ એક મહિલાએ રૂપીયા ૬ લાખ ની છેતરપીંડી ની ફરીયાદ નોંધાવી છે. ત્યારે પોલીસે ફરીયાદ નોંધીને આરોપીની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર અમદાવાદ શહેરના રામોલ વિસ્તારમાં એક મહિલાએ પોલીસ ફરીયાદ નોંધાવી હતી કે તેનો પતિ હાલ એક કેસમાં મહારાષ્ટ્રની જેલ માં બંધ છે. જેથી તેને જલ્દીથી મુકત કરાવવાની લાલચે પોલીસ કર્મચારી અને ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતો હોવાની ઓળખ આપી પરેશ ચૌહાણ નામનો શખ્સ તેને મળ્યો હતો અને રૂપીયા ૬ લાખ પડાવી લીધા હતા. જો કે ૬ લાખ રૂપીયા આપ્યા બાદ પણ તેનો પતિ જેલમાંથી ન છુટતા સમગ્ર મામલે મહિલા પોલીસ સ્ટેશને પહોચી હતી. બાદમાં રામોલ પોલીસે સીસીટીવી ના આધારે તપાસ કરીને આ ગઠીયો હકીકતમાં પોલીસ વિભાગમાં નોકરી કરે છે કે કેમ તે અંગેની ખરાઈ કરી હતી. તો આરોપી પરેશ પોલીસ કર્મચારી ન હોવા છતાં પોલીસ તરીકે ઓળખ આપી હોવાનુ અને તે મહેમદાવાદના કૈલાશપુરાના રહેવાસી હોવાનુ બહાર આવ્યુ હતું અને તેણે મહિલા સાથે ઠગાઈ કરી હોવાની વાત પણ સાચી પડી હતી.

જો કે બાદમાં આ રૂપીયા બાબતે તેને મહિલા સાથે સમાધાન પણ થઈ ગયુ હતું. નોટરી રાઈઝ સમાધાન કરાર કરીને તેના બદલામાં બેંકના ચેક પણ આપ્યા હતા. પરંતુ આરોપી પરેશ વિરૂધ્ધમાં અગાઉ નડીયાદમાં પણ આ રીતે બનાવટી પોલીસ તરીકે ગુન્હો નોંધાઈ ચુકયો હોવાની માહિતી બહાર આવી હોવાથી રામોલ પોલીસે ઘટનાને ગંભીરતાથી લઈ તેની નકલી પોલીસ ઓફીસર તરીકે ઓળખ આપી હોવાના ગુન્હામાં ધરપકડ કરી છે અને આ ગઠીયાએ અગાઉ આ રીતે કેટલા લોકો પાસે છેતરપીંડી કરી છે અને કયા કયા કારણોસર રૂપીયા પડાવ્યા છે તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# ખાટડીમાં રાજુ કરપડાનુ શકિત પ્રદર્શન: ખેડુતોના પ્રશ્ને ભાજપમાં જોડાવવાની તૈયારી કે રાજકીય દાવપેચ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઝાલાવાડના રાજકારણમાં અત્યારે ભારે હલચલ જોવા મળી રહી છે. સુરેન્દ્રનગરના ખાટડી ગામે જાણીતા ખેડુત નેતા રાજુ કરપડા દ્વારા એક વિશાળ ખેડુત સંવાદ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડુતોની હાજરીએ રાજુ કરપડાનુ જબરદસ્ત શકિત પ્રદર્શન સાબિત કર્યુ છે.

આ સંમેલન દરમિયાન તેમણે ભાજપમાં જોડાવવાના સ્પષ્ટ સંકેત આપ્યા છે. જો કે તેમણે સરકાર સામે કેટલીક માંગણીઓનુ પત્તુ પણ ફેંકયુ છે. રાજુ કરપડાએ ખેડુતોના હિતમાં સરકાર સામે શરત મુકી છે. કે જો મુળી, થાનગઢ અને ચોટીલા વિસ્તારના ખેડુતોને સિંચાઈનુ પાણી પુરૂ પાડવામાં આવે તો તેઓ સરકાર ની સાથે ભળી જવા તૈયાર છે. પરંતુ નોંધ લેવા જેવી બાબત એ છે કે જે યોજનાની તેઓ માંગ કરી રહ્યા છે તેની પર સરકાર પહેલેથી જ કામ કરી રહી છે. મુળી અને વઢવાણ સહિતના ૪૪ ગામડાઓમાં સિંચાઈનુ પાણી પહોચાડવા માટે સરકારે ૧૪૧૯ કરોડના ખર્ચે એક વર્ષ પહેલા જ કામગીરી શરૂ કરી દીધી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર આ યોજના હવે અંતિમ તબકકામાં છે. ત્યારે રાજુ કરપડાએ આ જ યોજનાને પોતાની માંગણી તરીકે રજુ કરતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે કે તેઓ ભાજપમાં જવા માટે સુરક્ષિત રસ્તો શોધી રહ્યા છે. પોતાના સંબોધનમાં રાજુ કરપડાએ આક્રમક તેવર બતાવતા કહ્યુ હતુ કે જો સરકાર મારી તમામ માંગણીઓ સ્વીકારશે તો અમે સરકારની સાથે ભળી જઈશુ, પરંતુ જો માંગણીઓ નહી સંતોષાય તો હું સરકાર સામે લડીશ, કોંગ્રેસ જો મને પ્લેટફોર્મ આપશે તો ત્યાં રહીને પણ હું ખેડુતોના પ્રશ્નો ઉઠાવવાનુ ચાલુ રાખીશ, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ટુંક સમયમાં જ સૌરાષ્ટ્રના તમામ ખેડુત આગેવાનો સાથે મળીને એક મોટુ સંમેલન યોજવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે.



ખાટડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમા આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં ખેડુતો ઉમટી પડયા હતા. રાજુ કરપડાએ ખેડુતો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમના પડતર પ્રશ્નો વિશે ચર્ચા કરી હતી. રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે જે રીતે રાજુ કરપડાએ સરકારની યોજનાને જ પોતાની શરત તરીકે મુકી છે તે જોતા લાગે છે કે તેમણે ભાજપમાં જવાનુ મન બનાવી લીધુ છે. હવે જોવાનુ એ રહે છે કે સરકાર આ માંગણીઓને કઈ રીતે સ્વીકારે છે અને આગામી દિવસોમાં સુરેન્દ્રનગરના રાજકારણમાં કયો નવો વળાંક આવે છે.

# રાજકોટ એક જ પરીવાર ના ૩ સભ્યો દુબઈમાં ફસાયા: જયાં રહે છે ત્યાં થી ૨૦ કિ.મી. દુર મીસાઈલ પડી

પ્રતિનિધિ,ગાંધીનગર



ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સ્થિતિમાં પોરબંદરના નાગરીકો ફસાયા હોવાની માહિતી બહાર આવી છે. પોરબંદરના લગભગ ૧૫ થી ૨૦ હજાર યુવકો અને યુવતિઓ ફસાયા હોવાની વિગતો બહાર આવતા તેમના પરીવારજનોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે.

તો બીજી તરફ રાજકોટનો પરીવાર પણ ચિંતામાં મુકાયો છે. પરીવાર ના ૪ સભ્યો પૈકી ૩ લોકો દુબઈમાં ફસાયા છે.ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ભીષણ યુદ્ધ થઈ રહ્યુ છે. આ યુદ્ધ દરમિયાન દુબઈ અને અબુધાબી એરપોર્ટ ને પણ અસર થવા પામી છે. યુદ્ધ ના કારણે રાજકોટ નો પરીવાર પણ ચિંતામાં મુકાયો છે. આ પરીવાર ના ૪ સભ્યો પૈકી ૩ લોકો દુબઈમાં ફસાયા છે. આ લોકો જયાં રહે છે ત્યાં થી ૨૦ કિ.મી. દુર મીસાઈલ પડી હતી. આ પરીવારના સભ્યો છેલ્લા ૩ વરસથી રેસ્ટોરન્ટમાં નોકરી કરે છે. ગઈ કાલે બુર્જ ખલીફા ની લાઈટો બંધ કરાઈ હતી. દુબઈમાં રહેલી યુવતિએ તેની માતા સાથે વિડીયો કોલ પર વાત કરી હતી. જેમાં તેણે કહ્યુ હતુ કે મીસાઈલના ધડાકાના અવાજ આવતા જ લોકો ડરી જાય છે. દુબઈના લોકોને ઘરમાં જ રહેવા સલાહ અપાઈ છે. દુબઈના મોટાભાગના વિસ્તારો સલામત છે. દુબઈમાં રહેતા વિદેશના લોકો પણ ચિંતિત છે, અહીં રહેતા ગુજરાતીઓ એકબીજાને મદદ કરી રહ્યા છે. યુવતિના પરીવારજનોએ ભારત સરકાર પર ભરોસો રાખ્યો છે.